માર્ચ ૨૦૨૫

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



ફરી પરણવાના ન હોય તો ડિવોર્સ લેજો. વળી બીજો ધણી કે પત્ની પાંસરા મળશે કે નહીં એની શું ખાત્રી ?
છૂટાછેડાથી તો બાળકોના માનસ ઉપર ઊંડી અસર થાય છે, એમના નિસાસા લાગે ! આ તો બેભાનપણામાં ડાઈવોર્સ લે છે !

# પૂણે : ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : તા.૧૨ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫

સ્વાગત



સાંસ્કૃતિક કાર્યક્રમ



શ્રી શિવ ભગવાનની પ્રતિષ્ઠા



શ્રી કૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠા



વર્ષ : ૩૦, અંક : ૭
સળંગ અંક : ૩૫૫
**માર્ચ ૨૦૨૫**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત** : ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત** : ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'નો ડિવોર્સ', આપણું વન ફેમિલી

### સંપાદકીય

આ દુનિયાના સામાજિક બંધારણમાં કાળચક્રના આધારે દરેક આરામાં સ્ત્રી-પુરુષના પતિ-પત્નીના સંબંધોમાં પ્રાકૃતિક ભિન્નતા જોવા મળે છે. સત્યુગમાં પ્રાકૃતિક સરળતાને કારણે પતિ-પત્નીમાં પ્રોબ્લેમ્સ જીવનમાં ક્યારેક જ થતા ! આજે કળિયુગમાં ઘેર-ઘેર પતિ-પત્ની વચ્ચે દરરોજ ક્લેશ-મતભેદ બહુ જોવા મળે છે. વિચારભેદમાંથી શરૂ થતા મતભેદ, મતભેદમાંથી મનભેદ અને મનભેદમાંથી આગળ ડિવોર્સ સામાન્યપણે જોવા મળે છે, પ્રસ્તુત અંકમાં ડિવોર્સ થવાના કારણો, પરિણામો અને એના ઉકેલ માટેની સાચી સમજણ પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) ઉદ્‌બોધિત સત્સંગોમાંથી આપણને સંકલિત થઈને પ્રાપ્ત થાય છે.

લગ્ન જીવનમાં પતિ-પત્નીને એડજસ્ટમેન્ટ થતું જ ના હોય, તો શું કરવું ? શું ડિવોર્સ લેવા જોઈએ ? એના જવાબમાં દાદાશ્રી જણાવે છે કે જો ફરી પરણવાના ન હોય તો ડિવોર્સ લેજો. વળી બીજો ધણી કે પત્ની પાંસરા મળશે કે નહીં એની શું ખાત્રી ? છૂટાછેડાથી તો બાળકોના માનસ ઉપર ઊંડી અસર થાય છે, એમના નિસાસા લાગે ! આ તો બેભાનપણામાં ડિવોર્સ લે છે !

આપણે તો આર્યપ્રજા છીએ, શું આવું આપણને શોભે ? હિન્દુસ્તાનના લોકો ગમે તેવા મતભેદો ચલાવી લે છે, જ્યારે ફોરેનર્સ એક મતભેદે છૂટા પડી જાય, આનું શું રહસ્ય ? આપણે પૂર્વે પ્રતિક્રમણ કરતા કરતા ડેવલપ થઈને આવેલા છે તેથી નભાવી શકીએ છીએ, જેના પ્રતિક્રમણ નથી થયા તે નભાવી નથી શકતા. પ્રતિક્રમણથી નિકાલ કરી શકાય તેમ છે.

દાદાશ્રી કહે છે કે માય ફેમિલી(મારા કુટુંબ)માં એક ફાડે તો બીજાએ સાંધ સાંધ કરવું. છતાં મેળ ના પડે તો છૂટું કરે છે લોકો. પણ અમે તો એક જ શબ્દ આપીએ છીએ, એડજસ્ટ એવરીવ્હેર. લગ્ન કર્યા એટલે પ્રોમિસ ટૂ પે કર્યું (વચન આપ્યું). માય ફેમિલીનો અર્થ શું થાય ? ત્યાં વિચારભેદ હોય પણ ક્લેશ તો ના જ હોય, ડખો ના હોય.

માય ફેમિલીમાં આપણે જીવતા ના શીખ્યા, આમ ભણ્યા બધું પણ પહેલા આ ના ભણવું જોઈએ કે પત્ની, પતિ, બાળકો જોડે કેમ વ્યવહાર કરવો ? વ્યવહાર જીવનમાં પંક્ચરને સાંધવાનું તો તેનો એક્સપર્ટ અનુભવી જ શીખવી શકે ! કેટલાય ફેમિલીમાં અણસમજણથી પોતાનું ઝાલેલું છોડે જ નહીં, છૂટાછેડા લેવાની તૈયારીઓ ચાલતી હોય, એવા લોકોને દાદાશ્રીએ આવા વ્યવહાર જ્ઞાનની ભેટ આપી, મતભેદ-મનભેદનું ભૂત કાઢી સમા કરી આપ્યા. જે દરેક પતિ-પત્નીને વન ફેમિલીમાં લેટ ગો કરી, પ્રેમથી નભાવી, ફાઈલોનો સમભાવે નિકાલ કરી મોક્ષમાર્ગે પ્રગતિ સાધે એ જ હૃદયપૂર્વકની અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# 'નો ડિવોર્સ', આપણું વન ફેમિલી

## કજોડામાં બગડે તો એકે શાંત રહેવું

શાદી (લગ્ન) બે રૂપે પરિણામ પામે : કોઈ વખત આબાદીમાં જાય, તો કોઈ વખત બરબાદીમાં જાય. શાદી કરી, શાદીફળ ચાખ્યા, હવે 'વીતરાગ' રહેવાનું છે. આ સંસાર એ ખારો જ છે, પણ મોહને લીધે ભૂલી જાય છે. માર ખાધા પછી ફરી મોહ ચઢી જાય છે, એ જ ભુલભુલામણી છે. જો સ્વરૂપનું અજ્ઞાન ગયું ને 'સ્વરૂપ જ્ઞાન' મળી જાય તો એ ભુલભુલામણી પજવે નહીં. 'જ્ઞાની પુરુષ' આત્મજ્ઞાન આપી દે એટલે ભુલભુલામણીમાંથી છૂટે ને મોક્ષનો સિક્કો વાગી જાય !

**પ્રશ્નકર્તા :** (કળિયુગમાં મોટા ભાગે) આપણા પરિણીત જીવનમાં નવ્વાણું ટકા કજોડા છે.

**દાદાશ્રી :** હંમેશાં જેને કજોડું કહેવામાં આવે છે ને, કળિયુગમાં જો કજોડું થયેલું હોય તો એ કજોડું છે તો ઊંચે લઈ જાય કે કાં તો સાવ અધોગતિમાં લઈ જાય. બેમાંથી એક કાર્યકારી હોય, અને સજોડું કાર્યકારી ના હોય. કજોડું થયું એટલે ઊંચી ગતિમાં લઈ જાય અને સજોડું આમ રઝળપાટ કરાવડાવે, જોડે જોડે.

**પ્રશ્નકર્તા :** આ દુષમકાળની અંદર એનો પ્રભાવ જ એવો ને કજોડું હોય તો એ ઊંચે જવાની શક્યતાઓ કેટલી ?

**દાદાશ્રી :** ઓછી. આ કાળમાં નીચે વધારે જવાના. એટલે આ તો બધું આવું જ છે, આ કાળ જ એવો છે. અમે કઈ રીતે જીત્યા છીએ એ અમે જ જાણીએ છીએ.

**પ્રશ્નકર્તા :** એ જ બધાને જણાવો ને, એ જ બધાને જાણવું છે.

**દાદાશ્રી :** અત્યારેય હીરાબા અહીં આગળ નમસ્કાર કરી, દર્શન કરે ને રોજ સવારમાં, રોજ રાત્રે દર્શન કરી, માથે પગ-બગ મેલાવડાવી અને પછી છે તે વિધિ કરે છે. અમારો અત્યારેય વ્યવહાર આવો છે. અમારો વ્યવહાર બગાડેલો નહીં ને !

કજોડાને શું હોવું જોઈએ, કે એ બગડે તો આપણે શાંત રહેવું જોઈએ, જો આપણે ભારે છીએ તો. પણ એ બગડે ને આપણે બગડીએ એમાં રહ્યું શું ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ જાતની સ્થિરતા ક્યાંથી લાવવી ? એવી સમજ ક્યારે આવે ?

**દાદાશ્રી :** હા, બરાબર છે, એ સ્થિરતા તો ના આવે. સમજણ ના આવે તેથી તો આ બધું અધોગતિમાં જનારો માલ છે ને !

## જીવતા ના આવડે ત્યારે ડિવોર્સ

**પ્રશ્નકર્તા :** ધારો કે હસબન્ડ-વાઈફને એકબીજાને એડજસ્ટ થતું જ ના હોય તો શું કરવું, છૂટા થઈ જવું ?

**દાદાશ્રી :** એડજસ્ટ થતું ના હોય અને થવાનો પ્રયત્ન કરીએ તોય વળે એવું ના હોય, તો બેનું બગડે. એના કરતા બેઉને જુદું કરી આપવું. તારા કોઈ મિત્રને છે એવું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ કળિયુગ એટલે ડાયવોર્સ કરવા પડે. કારણ એને જીવતા જ નથી આવડતું માણસ તરીકે.

**પ્રશ્નકર્તા :** પણ રોજ મનદુઃખ થાય, ઝઘડે તેના કરતા ડાયવોર્સ લઈ લે તો ?

**દાદાશ્રી :** ડાયવોર્સ લે પણ ફરી પૈણવાના

ના હોય તો. લગ્ન પોતાને અનુકૂળ થયું હોય, પણ પછી મતભેદ પડે ત્યારે મહીં શું થાય પછી ? તે ઘડીએ સુખ (!) વર્તે બહુ ? મતભેદ પડે ત્યારે બેનને શું થાય ? બે જણને મતભેદ પડે ત્યારે ? કેમ બોલતા નથી, બેન ? બોલ ને, તું બોલ ને, તું ભણેલી છે. તને સમજણ પડે છે ને ?

**પ્રશ્નકર્તા :** આજકાલના મતભેદો એટલે છૂટાછેડા.

**દાદાશ્રી :** ડાયવોર્સ હઉ લઈ લે ને ! હા, મતભેદ તો રહેવાના જ. મતભેદ તો રહ્યા (થયા) વગર હોય જ નહીં ને ! તમારા ઘરમાં મતભેદ નહીં જોયેલા તમે ?

**પ્રશ્નકર્તા :** સામસામી બાંધછોડ પણ થયા કરતી હોય ને ?

**દાદાશ્રી :** હા, બાંધછોડ પણ થયા કરતી હોય, પણ મતભેદ તો હોય છે ને ?

**પ્રશ્નકર્તા :** હોય જ.

**દાદાશ્રી :** બાંધછોડ કરવી પડે. ગાડીમાંય જોડે બેઠા હોય ને વિચિત્ર સ્વભાવનો હોય તો ઉતરતા સુધી નભાવવું પડે, તેમ બૈરી જરા વિચિત્ર સ્વભાવની હોય તો નભાવવું પડે. બાંધછોડ ના કરે તો તૂટી જાય, છૂટા થવું પડે.

**પ્રશ્નકર્તા :** અત્યારે તો ઠેઠ મતભેદ સુધી પહોંચી ગયું છે.

**દાદાશ્રી :** તે જ કહું છું ને ! એ બધું સારું નહીં, બહાર શોભે નહીં. આનો કંઈ અર્થ નહીં. પણ હજુ સુધારી શકાય છે. આપણે મનુષ્યમાં છીએ ને, તે સુધારી શકાય. આ શા માટે આવું હોવું જોઈએ ? મૂઆ, ફજેતો કર્યા કરે છે તે ! થોડું સમજવું તો પડે ને ? તમે સમજ્યા ને ? આ બધામાં સુપરફ્લુઅસ (ઉપલક) રહેવાનું છે, ત્યારે આ વહુના ધણી થઈ બેઠા, કેટલાક માણસો તો. અલ્યા મૂઆ, ધણીપણું શું કરવા બજાવે તે ? આ તો અહીં જીવ્યો ત્યાં સુધી ધણી અને એ કાલે ડાયવોર્સ (ડિવોર્સ) ના લે ત્યાં સુધી ધણી. કાલે ડાયવોર્સ લે તું શાનો ધણી ?

મનુષ્ય સિવાય બીજા કોઈ ધણીપણું નથી બજાવતા. અરે, આજકાલ તો 'ડાયવોર્સ' લે છે ને ? વકીલને કહે કે ''તને હજાર-બે હજાર રૂપિયા આપીશ, મને 'ડાયવોર્સ' અપાવી દે.'' તે વકીલેય કહેશે કે 'હા, અપાવી દઈશ.' અલ્યા, તું લઈ લે ને 'ડાયવોર્સ', બીજાને શું અપાવવા નીકળ્યા છો ? તેથી અમે જ્ઞાન આપી દઈએ ને ઝટપટ. આપણે તો મૂળ ક્રોધ-માન-માયા-લોભ જાય, મતભેદ ઓછા થાય એવું જોઈએ.

### મતભેદ થાય ત્યાં 'ડિવોર્સ'

**પ્રશ્નકર્તા :** વ્યવહારિક બાબતમાં મતભેદ હોય એ વિચારભેદ કહેવાય કે મતભેદ કહેવાય ?

**દાદાશ્રી :** એ મતભેદ કહેવાય. આ જ્ઞાન લીધું હોય તેને વિચારભેદ કહેવાય, નહીં તો મતભેદ કહેવાય. મતભેદથી તો ઝાટકો વાગે !

**પ્રશ્નકર્તા :** મતભેદ ઓછો રહે તો એ સારું ને ?

**દાદાશ્રી :** માણસને મતભેદ તો હોવા જ ન જોઈએ. જો મતભેદ છે તો એ માણસાઈ જ ના કહેવાય. કારણ કે મતભેદથી તો કોઈ ફેરો મનભેદ થઈ જાય. મતભેદમાં મનભેદ થઈ જાય એટલે 'તું આમ છે ને તું તારે ઘેર જતી રહે' એમ ચાલે. આમાં પછી મજા ના રહે. માટે જેમ તેમ નભાવી લેવું.

મતભેદ એટલે અહંકારની હાજરી. મતભેદ ગમે છે ? મતભેદ થાય ત્યારે ઝઘડા થાય, ચિંતા

થાય. એકબીજાની અક્કલ ખોળવા જાય ત્યાં પાયાનો મતભેદ થાય. ત્યાં કાળજી રાખવી પડે. મનભેદમાં શું થાય ? મનભેદ થાય તો 'ડાયવોર્સ' લે અને તનભેદ થાય ત્યારે નનામી નીકળે !

### ફાચર મારનારને લાગે દોષ

**પ્રશ્નકર્તા :** દાદા, એક હસબન્ડ અને વાઈફ બન્ને જણાને ચકમક થઈ જાય છે, તો એમાં જે છૂટા પડી જવાય (ડિવોર્સ) તો દોષ કોને લાગે ? એમાં કર્મનો ઉદય ગણાય, શું ગણાય ? ખરેખર કોનો દોષ કહેવાય ?

**દાદાશ્રી :** તે બધું કર્મના ઉદય ! કંઈ પણ હકીકત, વાસ્તવિકતા બને એ કર્મનો ઉદય ! પછી ઉદય ગમે તે હોય, ખોટા ઉદય કે ખરાબ ઉદય, પણ કર્મનો ઉદય જ કરાવે છે એટલે એમાં બીજા કોઈનું ચાલે નહીં. બીજા નિમિત્ત બને વખતે કે આણે ફાચર મારી પણ છેવટ એ કર્મનો ઉદય. ફાચર મારી એવો નિમિત્ત મળી આવે કે આમને ફાચર મારી તેથી આ બે છૂટા પડી ગયા.

**પ્રશ્નકર્તા :** દાદા, દોષ કોને લાગે ? એ છૂટા પડી જાય એમાં દોષ કોને લાગે ?

**દાદાશ્રી :** જેણે ફાચર મારી હોય તેને.

### ક્લેશિત ઘેર, તો થા ઝઘડાપ્રૂફ

**પ્રશ્નકર્તા :** આપણે ઝઘડો ના કરવો હોય, આપણે કોઈ દહાડો ઝઘડો જ ના કરતા હોઈએ છતાં ઘરમાં બધા ઝઘડા સામેથી રોજ કર્યા કરે તો ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ જવું. 'ઝઘડાપ્રૂફ' થઈએ તો જ આ સંસારમાં રહેવાશે. અમે તમને 'ઝઘડાપ્રૂફ' કરી આપીશું. ઝઘડો કરનારોય કંટાળી જાય એવું આપણું સ્વરૂપ હોવું જોઈએ. કોઈ 'વર્લ્ડ'માંય આપણને 'ડિપ્રેસ' (હતાશ) ના કરી શકે એવું હોવું જોઈએ. આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ ગયા પછી ભાંજગડ જ નહીં ને ! લોકોને ઝઘડા કરવા હોય, ગાળો આપવી હોય તોય વાંધો નહીં અને છતાંય નફ્ફટ કહેવાય (કહેવાઈએ) નહીં, ઊલટી (આપણી) જાગૃતિ ખૂબ વધશે.

પૂર્વે જે ઝઘડા કરેલા તેના વેર બંધાય છે અને તે આજે ઝઘડા રૂપે ચૂકવાય છે. ઝઘડો થાય તે જ ઘડીએ વેરનું બીજ પડી જાય, તે આવતે ભવે ઊગશે.

**પ્રશ્નકર્તા :** તો એ બીજ કેવી રીતે દૂર થાય ?

**દાદાશ્રી :** ધીમે ધીમે 'સમભાવે નિકાલ' કર્યા કરો તો દૂર થાય. બહુ ભારે બીજ પડ્યું હોય તો વાર લાગે, શાંતિ રાખવી પડે. પ્રતિક્રમણ ખૂબ કરવા પડે. આપણું કશું કોઈ લેતું નથી. ખાવાનું બે ટાઈમ મળે, કપડાં મળે, પછી શું જોઈએ ? ઓરડીને તાળું મારીને જાય, પણ આપણને બે ટાઈમ ખાવાનું મળે છે કે નથી મળતું એટલું જ જોવું. આપણને પૂરીને જાય તોય કંઈ નહીં, આપણે સૂઈ જઈએ. પૂર્વભવના વેર એવા બંધાયેલા હોય કે આપણને તાળામાં બંધ કરીને જાય ! વેર અને પાછું અણસમજણથી બંધાયેલું ! સમજણવાળું હોય તો આપણે સમજી જઈએ કે આ સમજણવાળું છે, તોય ઉકેલ આવી જાય. હવે અણસમજણનું હોય ત્યાં શી રીતે ઉકેલ આવે ? એટલે ત્યાં વાતને છોડી દેવી. આ ભવમાં ને આ ભવમાં જ બધા વેર છોડી દેવાના, અમે તમને રસ્તો દેખાડીશું.

માકણ કૈડે છે, એ તો બિચારા બહુ સારા છે પણ આ તો ધણી બૈરીને કૈડે છે. બૈરી ધણીને કૈડે છે એ બહુ વસમું હોય છે. કૈડે કે ના કૈડે ?

**પ્રશ્નકર્તા :** કૈડે.

**દાદાશ્રી :** તો એ કૈડવાનું બંધ કરવાનું છે.

માકણ કૈડે છે એ તો કૈડીને જતા રહે. બિચારા એ મહીં ધરાઈ ગયો એટલે જતો રહે. પણ બૈરી તો કાયમ કૈડતી જ હોય. એક જણ તો મને કહે છે, મારી વાઈફ મને સાપણની પેઠ કૈડે છે ! ત્યારે મૂઆ, પૈણ્યો તો શું કરવા તે સાપણની જોડે ? તે એ સાપ નહીં હોય, મૂઆ ? એમ ને એમ સાપણ આવતી હશે ? સાપ હોય ત્યારે સાપણ આવે ને !

આ કર્મના ભોગવટા છે બધા. તેથી એવી વાઈફ, એવો ધણી મળી આવે. ને આપણને જ આવા કેમ ભેગા થયા ? આ તો બૈરી જોડે લડવાડ કર્યા કરે. અલ્યા, તારા કર્મનો દોષ ! એટલે આપણા લોકો નિમિત્તને બચકાં ભરે. બૈરી તો નિમિત્ત છે, નિમિત્તને શું કરવા બચકાં ભરે છે ? નિમિત્તને બચકાં ભરે તેમાં ભલીવાર આવે કોઈ દહાડો ? અવળી ગતિઓ થાય.

**પ્રશ્નકર્તા :** એમાં કોનું કર્મ ખરાબ સમજવું, બન્ને ધણી-ધણીયાણી લડતા હોય તેમાં ?

**દાદાશ્રી :** બેમાંથી જે કંટાળે એનું.

**પ્રશ્નકર્તા :** એ લડવામાં તો કોઈ કંટાળે જ નહીં, એ તો લડ્યા જ કરે !

**દાદાશ્રી :** તો બન્નેનું ભેગું. આ તો અણસમજણથી બધું થાય છે.

## ડિવોર્સ પછી લાગે છોકરાંના નિસાસા

**પ્રશ્નકર્તા :** આજકાલ બધા ડિવોર્સ લે છે, છૂટાછેડા લે છે. તે નાના નાના છોકરાંઓ મૂકીને છૂટાછેડા લે છે, તો એનો નિસાસો ના લાગે ?

**દાદાશ્રી :** લાગે ને બધુંય, પણ શું કરે તે ? ખરી રીતે ના લેવા જોઈએ. ખરી રીતે તો આખું નભાવી લેવું જોઈએ. છોકરાં થતા પહેલા લીધા હોત તો વાંધો નહોતો, પણ આ છોકરાંઓ થયા પછી લે, તો છોકરાંનો નિસાસો લાગે ને !

**પ્રશ્નકર્તા :** એવું બને કે મા-બાપ સુખી ના હોય, દુઃખી હોય, તો છોકરાંઓ પણ દુઃખી થાય ?

**દાદાશ્રી :** પણ આ છોકરું હોય તો છૂટાછેડા ના લેવાય તો સારું. કારણ કે છોકરાંને બિચારાને રખડી મરવાનું ને કે બાપ પાસે રહેવું કે મા પાસે રહેવું ?

**પ્રશ્નકર્તા :** છોકરાંના બાપનું જરાય મગજ ચાલતું ના હોય, કશું કામકાજ કરતા ના હોય, મોટલ ચલાવતા ના આવડતી હોય અને ચાર દિવાલની વચ્ચે ઘરમાં બેસી રહેતો હોય, તો શું કરવાનું ?

**દાદાશ્રી :** શું કરવું પણ તે ? બીજો પાંસરો મળશે કે નહીં એની ખાતરી શું ?

**પ્રશ્નકર્તા :** એ તો નથી જ વળી...

**દાદાશ્રી :** બીજો વળી એથી (ખરાબ) એના મોઢામાં થૂંકે એવો મળે ત્યારે શું કરવું ? ઘણા લોકોને મળેલું એવું, પહેલો હતો તે સારો હતો. મેરચક્કર પાછું ત્યાં પડી રહેવું હતું ને ! મહીંથી એ સમજવું પડે કે ના સમજવું પડે ?

**પ્રશ્નકર્તા :** દાદાને સોંપી દઈએ તો પછી બીજો પાંસરો મળે ને ?

**દાદાશ્રી :** સારો મળ્યો અને ત્રણ વર્ષ પછી એને એટેક આવ્યો, તો શું કરશો ? આ નર્યા ભયવાળા જગતમાં શા હારુ આ બધું ? 'જે બન્યું એ કરેક્ટ' કહીને ચલાવી લો તો સારું. ત્રણ વર્ષ પછી એટેક આવે. એટલે આપણને પેલો જૂનો હતો તે સાંભરે. મૂઆ, પેલો હતો તે છોડીને આ પાછા એટેકવાળાને ત્યાં આવ્યા ! એટલે આ બધું ફજેતો છે, બેન !

આ તો તમારે જો આવું થયેલું હોય ભાંગફોડ તો, હું તમને સમજણ પાડી દઉં કે આવી રીતે તમે ચલાવી લેજો. એ રીતે દેખાડી દઉં ને, એટલે બોજારૂપ તમને ના લાગે ને એનેય ના લાગે. બેઉનું રાગે પાડી આપું.

બાકી, છોકરાનો તો નિસાસો બહુ લાગે. ના બાપનો રહ્યો કે ના માનો રહ્યો બિચારો !

હવે જો ધણી બીજો કરો, તો એથીય બુરો નીકળે તો શું કહેવાય ? ઉપરથી આમ કોટ-પાટલૂનવાળો રૂપાળો બમ જેવો દેખાતો હોય અને મહીં છે તે ખાટી કેરી નીકળે તો શું ખબર પડે ? ઉપરથી કેરી ફર્સ્ટ ક્લાસ દેખાતી હતી, પણ મહીં કાપીએ ને ખાટી નીકળે ! નીકળે ખરી મહીં ખાટી ?

**પ્રશ્નકર્તા :** નીકળે.

**દાદાશ્રી :** એમ ! ખાત્રી નહીં, નહીં ? એટલે એનું કશું ઠેકાણું નહીં. માટે જે ચાખ્યો છે ને એ સારો છે, કહેવું. બહુ લાંબી આશા રાખવા જેવું નથી આ જગત. એટલે બેન, હું તમને સમજણ પાડી દઉં કે આ રીતે તમે ચલાવી લેજો. બહુ આનંદ આવશે પછી. આ તો કશું જ ઠેકાણું નથી. એક વાર તો પૈણવા જેવું જગત જ નથી. પણ પૈણ્યા વગર ચાલે એવુંય નથી પાછું. કેવી ફસામણ છે ! પૈણવા જેવું જગત નથી ને પૈણ્યા વગર ચાલે એવું નથી. આ મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢવાનો છે.

**પ્રશ્નકર્તા :** શું રસ્તો કરવો ?

**દાદાશ્રી :** એ તો મને એ ખાનગીમાં બધો રસ્તો પૂછો ને, તો હું તમને બધું બતાડી દઉં. હાઉ ટુ ડીલ વીથ હસબન્ડ (પતિ સાથે કેવી રીતે વર્તવું), એ બધું બતાડી દઉં. બાકી, નવો કરવામાં મજા નથી. નવો કરીએ ને ત્રણ વર્ષ પછી હાર્ટ ફેલ થઈ જાય ત્યારે શું કરીએ ? નહીં તો દારૂડિયો થઈ ગયેલો હોય ત્યારે શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** એટલે કે આપણે આપણી જાતે અંદર એવી સમજ જ ઊભી કરી દેવાની કે આ જગતમાં કોઈ પરફેક્ટ છે નહીં.

**દાદાશ્રી :** ના, એ તો હું સમજણ પાડું. એવું તમે જાતે કરો તો એ ટકે નહીં. અને હું તો સાચી સમજ આપું, ટકે એવી, કાયમ ટકે એવી ! તમારી સમજણે કરેલી ગોઠવણી, એ તો કાલે સવારે ઊડી જાય પછી. ગોઠવેલી ના ચાલે, એ તો હું તમને સાચી સમજ આપું. એના પ્લસ-માઈનસ કરી આપું ! બચ્ચાંઓની ખાતરેય પોતાને સમજવું જોઈએ. એક કે બે હોય, પણ એ બિચારા નોંધારા જ થઈ જાય ને ! નોંધારા ના ગણાય ?

**પ્રશ્નકર્તા :** નોંધારા જ ગણાય.

**દાદાશ્રી :** મા ક્યાં ગઈ ? પપ્પા ક્યાં ગયા ? એક વાર પોતાને એક આ પગ કપાઈ ગયો હોય, તો એક અવતાર નભાવી નથી લેતા કે આપઘાત કરવો ?

**પ્રશ્નકર્તા :** નભાવી લેવાનું.

**દાદાશ્રી :** આપઘાત કરવો કે પગ નભાવી લેવાનો ? હં... એવી રીતે આય પગ કપાઈ ગયેલા જેવું જ. અમે તો તમને સમજણ પાડીએ, બાકી આ તમે જાતે ઊતરશો તો વધુ ફસાશો. અમે તમને ઓછી ફસામણમાં આવે એવું કરી આપીએ રસ્તો. કારણ કે અમારે લેવાદેવા નથી અને તમારા હિતમાં હોઈએ અમે કે તમને દુઃખ ન થાય, ઓછું દુઃખ થાય. પગ ભાંગી જાય તોય આપઘાત નહીં કરું, કહેશે. આમ ને આમ જીવું છું ને નિરાંતે ! તો આ બધું નભાવે છે, તો આ એમાં ધણીમાં નભાવી લેવાનું.

## ના ફાવતાનો કરીએ નિકાલ

પૈણ્યા વગર છૂટકો નથી. કારણ કે પૈણ્યા વગર જીવન છે તે દુનિયામાં પોતાનું એ જ ના રહે, વેલ્યુ જ ના રહે. લોકો શું કહે કે આ ચાલી પેલી ! એટલે આપણું કંઈક જીવન તો હોવું જોઈએ ને લોકોમાંય, ના હોવું જોઈએ ? પૈણ્યા એટલે આપણો ધણી, 'સારામાં સારો - બેસ્ટ', એમ કહેવું. એટલે ખરાબ એવું દુનિયામાં કશું હોતું નથી.

**પ્રશ્નકર્તા :** 'બેસ્ટ' એવું કહીએ તો ધણી ચગી જાય.

**દાદાશ્રી :** ના, ચગે જ નહીં. એ આખો દહાડો બિચારા બહાર કામ કર્યા કરે, એ શું ચગે ? ધણી તો આપણને જે મળ્યા હોય ને, એ જ નભાવી લેવાના. કંઈ બીજા લેવા જવાય ? વેચાતા મળે કંઈ ? અને પેલું ઊંધું-ચત્તું કરો, ડાયવોર્સ કરવા પડે એ તો ખોટું દેખાય ઊલટું. પેલોય પૂછે કે ડાયવોર્સવાળી છે ? ત્યારે બીજે ક્યાં જઈએ ? એના કરતા એક (ધણી) કરી પડ્યા એનો નિકાલ કરી નાખવાનો ત્યાં આગળ. એટલે બધે એવું હોય અને આપણાથી ના ફાવતું હોય, પણ શું કરે ? જાય ક્યાં હવે ? માટે આ જ નિકાલ કરી નાખવાનો. આપણે ઈન્ડિયનો, કેટલા ધણી બદલીએ ? આ એક જ કર્યો તે... જે મળ્યો એ સાચો ! તે કેસ ઊંચો મૂકી દેવાનો ! અને પુરુષોને સ્ત્રી જેવી મળી હોય, કકળાટ કરતી હોય તો પણ એની જોડે નિકાલ કરી નાખવો સારો.

કોઈ કહે, 'કેમનો છે તમારો સંસાર ?' ત્યારે આપણે સારું કહેવું. ઠીકેય ના બોલવું, બહુ સારું છે. બધેય ઘેર માટીના ચૂલા હોય. પછી ત્યાં આગળ મોઢું બગડી ગયું હોય. આ તો વધતું-ઓછું જરા હોય બધું.

## 'જેવું મળે તેવું' નભાવી લેવું

એક જણીનો સંસાર મુંબઈમાં ફ્રેક્ચર થઈ જતો હતો. પેલાએ ખાનગી બીજો સંબંધ રાખ્યો હશે. અને આ બઈ, એ તો જાણી ગઈ એટલે જબરજસ્ત ઝઘડા થવા માંડ્યા. પછી મને બઈએ કહી દીધું, 'આ આવા છે, મારે શું કરવું ? મને નાસી છૂટવું છે.' મેં કહ્યું, 'એક પત્નીવ્રતનો કાયદો પાળતો હોય એવો મળે તો નાસી છૂટજે. નહીં તો બીજો કયો સારો મળશે ? આમ તો એક જ રાખી છે ને ?' ત્યારે કહે, 'હા, એક જ.' ત્યારે મેં કહ્યું, 'બહુ સારું. લેટ ગો કર (ચલાવી લે). મોટું મન કરી નાખ. તને બીજો આથી સારો ના મળે.'

એક બેન કહેતી હતી કે મને ધણી સારો મળ્યો નથી એટલે મારી જિંદગી બગડી. મેં કહ્યું, 'સારો મળ્યો હોત તો જિંદગી સુધરી જાત ?' 'આ તું જાણતી નહોતી કે આ કળિયુગ છે ?' કળિયુગમાં તો ધણીયે સારો ના મળે અને વહુયે સારી ના મળે. આ બધો માલ જ કચરો હોય ને ! માલ પસંદ કરવા જેવો હોય જ નહીં. માટે આ પસંદ કરવાનો નથી, આ તારે તો ઉકેલ લાવવાનો છે. આ કર્મોનો હિસાબ ચૂકતે કરવાનો છે, તેનો ઉકેલ લાવવાનો છે. ત્યારે લોક લહેરથી જાણે ધણી-ધણિયાણી થવા ફરે છે. અલ્યા મૂઆ, ઉકેલ લાવ ને અહીંથી ! જે તે રસ્તે ક્લેશ ઓછો થાય એવી રીતે ઉકેલ લાવવાનો.

**પ્રશ્નકર્તા :** દાદા, એને એવો સંયોગ થયો હશે, તે હિસાબનો જ થયો હશે ને ?

**દાદાશ્રી :** હિસાબ વગર તો આ ભેગું જ ના થાય ને !

પાંજરામાં ઢેબરું મૂકે, તે પછી જેટલા પકડાયા એટલા સાચા ! તે લાલચુ ફસાય આ દુનિયામાં.

લાલચ જ રાખવી નહીં ને ! આપણને જે મળ્યું એની પર આપણે રોફ મારવો !

આ બધા સુખને હારુ પૈણે છે, પણ મહીં દુઃખી થાય છે બિચારા ! કારણ કે સુખી થવું, દુઃખી થવું એ પોતાના હાથની વાત નથી. એ પૂર્વે કરેલા કર્મના આધીન જ છે, એમાં છૂટકો નથી. એ ભોગવવા જ પડશે. સંસાર છે એટલે ઘા તો પડવાના જ ને ! ને બઈસાહેબ પણ કહેશે ખરા કે હવે ઘા રૂઝાશે નહીં. પણ સંસારમાં પડે એટલે પાછા ઘા રૂઝાઈ જાય. મૂર્છિતપણું ખરું ને ! મોહને લઈને મૂર્છિતપણું છે. મોહને લઈને ઘા રૂઝાઈ જાય. જો ઘા ના રૂઝાય તો તો વૈરાગ્ય જ આવી જાય ને ! મોહ શેનું નામ કહેવાય ? બહુ બધા અનુભવ થયા હોય પણ ભૂલી જાય. 'ડાયવોર્સ' લેતી વખતે નક્કી કરે કે હવે કોઈ સ્ત્રીને પરણવું નથી, તોય ફરી પાછો ઝંપલાવે !

એટલે ધણીએ પાછા સારી વહુ ખોળે છે. અલ્યા મૂઆ, આ વખતમાં અત્યારે જેમ તેમ નિકાલ લાવી નાખવાનો. અહીં ગાડીમાં બેસીએ ને, તે જોડે બેસનારોય પાંસરો સારો ના હોય. એ જરાક તમે સળી કરો ત્યારે ખબર પડે. માટે અત્યારે જેમ તેમ કરીને આ ગાડી પસાર કરવાની. અત્યારે કંઈ આ ફર્સ્ટ ક્લાસ છે ? સેકન્ડ ક્લાસ છે આ બધા ! જે ફર્સ્ટ ક્લાસ પેસેન્જર એ ધણી હતા ને, તે જુદા હતા. ત્યારે સ્ત્રીઓ છે તે સીતા જેવી હતી. ધણી રામના જેવા હતા ત્યારે તો, અત્યારે આ કંઈ બધા ફર્સ્ટ ક્લાસનો માલ છે ?

ધણી બીજો કરો તો એવું ને એવું જ થાય, બળ્યું ! એના કરતાં હોય તેને નભાવીને કામ કાઢી લેવું. શું કહો છો ? હં, અત્યારે તો કળિયુગનો માલ, તે જેમ તેમ કરીને ક્લેશ ન વધે એવી રીતે નિકાલ કરી નાખવાનો. ક્લેશ તો થવાનો જ છે પણ વધે નહીં એવી રીતે નિકાલ કરી નાખવાનો.

## અબોલા એટલે બોજો

**પ્રશ્નકર્તા :** (ક્લેશ વખતે) અબોલા લઈ વાતને ટાળવાથી એનો નિકાલ થઈ શકે ?

**દાદાશ્રી :** ના થઈ શકે. આપણે તો સામો મળે તો 'કેમ છો ? કેમ નહીં ?' એમ કહેવું. સામો જરા બૂમાબૂમ કરે તો આપણે જરા ધીમે રહીને 'સમભાવે નિકાલ' કરવો. એનો નિકાલ તો કરવો જ પડશે ને જ્યારે ત્યારે ? અબોલા રહો (રાખો) તેથી કંઈ નિકાલ થઈ ગયો ? એ નિકાલ થતો નથી એટલે તો અબોલા ઊભા થાય છે. અબોલા એટલે બોજો, જેનો નિકાલ ના થયો એનો બોજો. આપણે તો તરત એને ઊભા રાખીને કહીએ, 'ઊભા રહો ને, અમારી કંઈ ભૂલ હોય તો મને કહો, મારી બહુ ભૂલો થાય છે. તમે તો બહુ હોશિયાર, ભણેલા, તે તમારી ના થાય પણ હું ભણેલો ઓછો એટલે મારી બહુ ભૂલો થાય.' એમ કહીએ એટલે એ રાજી થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એવું કહેવાથીય એ નરમ ના પડે તો શું કરવું ?

**દાદાશ્રી :** નરમ ના પડે તો આપણે શું કરવાનું ? આપણે કહી છૂટવાનું. પછી શો ઉપાય ? જ્યારે ત્યારે કો'ક દહાડો નરમ થશે. ટૈડકાવીને નરમ કરો તો તેનાથી કશું નરમ થાય નહીં. આજે નરમ દેખાય, પણ એ મનમાં નોંધ રાખી મેલે ને આપણે જ્યારે નરમ થઈએ તે દહાડે તે બધું પાછું કાઢે. એટલે જગત વેરવાળું છે. કુદરતનો નિયમ એવો છે કે દરેક જીવ મહીં વેર રાખે જ. મહીં પરમાણુઓ સંગ્રહી રાખે. માટે આપણે પૂરેપૂરો કેસ ઊંચે મૂકી દેવો.

**પ્રશ્નકર્તા :** આપણે સામાને અબોલા તોડવા કહીએ કે મારી ભૂલ થઈ, હવે માફી માગું છું, તોય પેલો વધારે ચગે તો શું કરવું ?

**દાદાશ્રી :** તો આપણે કહેવાનું બંધ કરવું. એનો સ્વભાવ વાંકો છે એમ જાણીને બંધ કરી દેવું આપણે. એને એવું કંઈક ઊંધું જ્ઞાન થઈ ગયું હોય કે 'બહુત નમે નાદાન', ત્યાં પછી છેટા રહેવું. પછી જે હિસાબ થાય તે ખરો. પણ જેટલા સરળ હોય ને, ત્યાં તો ઉકેલ લાવી નાખવો. આપણે ઘરમાં કોણ કોણ સરળ છે અને કોણ કોણ વાંકું છે, એ ના સમજીએ ?

**પ્રશ્નકર્તા :** સામો સરળ ના હોય તો એની સાથે આપણે વ્યવહાર તોડી નાખવો ?

**દાદાશ્રી :** ના તોડવો. વ્યવહાર તોડવાથી તૂટતો નથી. વ્યવહાર તોડવાથી તૂટે એવો છેય નહીં. એટલે આપણે ત્યાં મૌન રહેવું કે કો'ક દહાડો ચિડાશે એટલે આપણો હિસાબ પતી જશે. આપણે મૌન રાખીએ એટલે કો'ક દહાડો એ ચિડાય ને જાતે જ બોલે કે 'તમે બોલતા નથી, કેટલા દહાડાથી મૂંગા ફરો છો ?' આમ ચિડાય એટલે આપણું પતી જશે.

**પ્રશ્નકર્તા :** આ ના બોલવાની કળાની વાત કરો.

**દાદાશ્રી :** ના બોલવાની કળા, એ તો એ બીજાને નથી આવડે એવી. બહુ અઘરી છે કળાઓ ! એ તો સામો આવ્યો ને, તે પહેલા એના શુદ્ધાત્મા જોડે વાતચીત કરી લેવાની અને તે પહેલા બધું એને ઠંડું પાડી દેવાનું ને ત્યાર પછી આપણે બોલ્યા વગર રહેવાનું એટલે બધું પતી જાય આપણું. એ અઘરી કળા છે. એટલે એ ટાઈમ તમારો આવે ત્યારે મને પૂછજો ને, બધું દેખાડી દઈશ. એ પગથિયું આવે ત્યારે શીખજો. પણ હમણે તો ઘરમાં બિલકુલ લડવું નહીં. ઘરના પોતાના માણસ કહેવાય. એને કોઈને દુઃખ આપીએ એ ભયંકર નર્કે જવાની નિશાની ! વિષમભાવથી જગત ઊભું થયું છે, સમભાવથી નીકળી જશે.

## સાચી સમજ સમભાવે નિકાલની

**પ્રશ્નકર્તા :** એ સમભાવે નિકાલ નથી થતો.

**દાદાશ્રી :** નથી થતો, તો શું થઈ જાય છે ?

**પ્રશ્નકર્તા :** હવે મારે એવું છે, ફાઈલ નં. ૨ મારાથી એકદમ વિરુદ્ધ છે. તેથી તેની સાથે મારે સંઘર્ષ થાય છે અને સમભાવે નિકાલ નથી થઈ શકતો.

**દાદાશ્રી :** પણ આપણે છે તે ચંદુભાઈને કહેવાનું કે 'સમભાવે નિકાલ કરો ને !' પણ બહુ ચીકણું હશે, નિકાચિત હશે તો વાર લાગશે.

**પ્રશ્નકર્તા :** બીજા સાથે હોય તો સહજ થઈ જાય છે પણ અહીં નથી થતો.

**દાદાશ્રી :** સાચવી સાચવીને કરો ને હવે. જેમ આ પટ્ટી ઉખાડીએ છીએ અને લહાય ના બળે એવી રીતે ધીમે રહીને.

**પ્રશ્નકર્તા :** અમારે તો ફાઈલ જોડે વૈચારિક મતભેદો વધતા જાય છે.

**દાદાશ્રી :** મતભેદો પણ શાને માટે વધતા જાય ? આપણે સમભાવે નિકાલ કરવાની આજ્ઞા પાળવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** પણ સમભાવે નિકાલ કરવાની આજ્ઞા પાળવા છતાંય આ જ પરિસ્થિતિ રહ્યા કરે.

**દાદાશ્રી :** ના, એવું કશું નથી. સમભાવે નિકાલ (કરવો) છે, એ આજ્ઞા પાળે તો કોઈ ઊભું રહેતું નથી. એ વાક્યમાં એટલું બધું વચનબળ છે કે ન પૂછો વાત !

**પ્રશ્નકર્તા :** પણ સમભાવે નિકાલ કરવામાં એકપક્ષી જ વિચારણા થઈ ને ?

**દાદાશ્રી :** એ એકપક્ષી બોલવાનું નહીં.

આપણે તો સમભાવે નિકાલ કરવો છે એટલું નક્કી કરવાનું. એટલે એની મેળે થયા જ કરે. ન થાય તોય ડુંગળીનું એક પડ તો ઊતરી જ જશે. પછી ડુંગળીનું બીજું પડ દેખાય. પણ બીજે વખતે બીજું પડ ઊતરશે એમ કરતા કરતા ડુંગળી ખલાસ થશે. આ તો વિજ્ઞાન છે ! આમાં તરત જ ફળવાળું છે, એક્ઝેક્ટનેસ છે. આ ચંદુભાઈ શું કરે એ તમારે જોયા કરવાનું. સામી વ્યક્તિમાં શુદ્ધાત્મા જોવાના અને ફાઈલ તરીકે સમભાવે નિકાલ કરવાનો !

**પ્રશ્નકર્તા :** હા, પણ સમભાવે નિકાલ કરવામાં આપણને વ્યવહારિક મુશ્કેલી પડતી હોય તો...

**દાદાશ્રી :** વ્યવહારિક મુશ્કેલી તો આવે ને જાય. ઍબ એન્ડ ટાઈડ, પાણી વધે ને ઘટે. રોજ દરિયામાં એ તો બેઉ વખત વધ-ઘટ થયા જ કરે.

**પ્રશ્નકર્તા :** અમારા મતભેદ એ કક્ષાના છે કે ભેગા રહી જ ન શકાય.

**દાદાશ્રી :** તોય સમભાવે નિકાલ કરીને લોકો એટલા સરસ રીતે રહી શક્યા છે ને ! અને છૂટું થઈનેય શું ફાયદો કાઢવાનો ?

**પ્રશ્નકર્તા :** એની સમજવાની તૈયારી જ ના હોય, દરેક સગાંવહાલાં સાથે ફાવતું જ ના હોય અને વ્યવહાર જ ના રાખવો હોય એ રીતે ફાવતું હોય, તો શું કરવું ?

**દાદાશ્રી :** રીત રાખવાની નહીં, કઈ રીતે રહેવાય છે એ જોવાનું. ડિઝાઈનનો રસ્તો ન્હોય આ. આ જ્ઞાન ડિઝાઈનવાળું ન્હોય. કઈ રીતે રહેવાય છે એ જોવાનું.

**પ્રશ્નકર્તા :** એ રીત વ્યવહારિક રીતે યોગ્ય હોય કે અયોગ્ય હોય ?

**દાદાશ્રી :** એ તમારે જોવાનું નથી. તમારે તો આ રીતે રહેવાનું. શાંતિ જોઈતી હોય, આનંદ જોઈતો હોય, તો આ રીતે રહો. અને નહીં તો આપણે પેલી રીતમાં ઊતરો. ડિઝાઈન કરો તો માર ખાશો. બીજું કશું નવું મળી જવાનું નથી. અજ્ઞાનતાની નિશાની માર ખાય, બીજું કંઈ નહીં ! આને ઓવરવાઈઝ (દોઢ ડહાપણ) કહેવાય છે ! ઉપરથી પોતાનું દોઢ ડહાપણ કરવા જાય છે ! તત્ત્વદૃષ્ટિ મળ્યા પછી શા માટે બીજું જોવું ? ના મળી હોય તો બીજું હતું જ ને !

**પ્રશ્નકર્તા :** પણ પછી આને કર્મબંધ માનીને સહન કર્યા કરવું આ પરિસ્થિતિને ?

**દાદાશ્રી :** કશું માનવાનું જ નહીં. માનવાનું આપણે શાનું ? આપણે જ્ઞાતા-દ્રષ્ટા, જોવાનું જ. શું બને છે એ જોવાનું, વૉટ હેપન્સ ! કાલે ઘેર ગયા પછી ખાવાનું મળ્યું હતું કે ન્હોતું મળ્યું ?

**પ્રશ્નકર્તા :** એ તો મળે જ છે ખાવાનું !

**દાદાશ્રી :** તો શી ઉપાધિ ? ખાવાનું મળે છે, સૂવાની જગ્યા મળે છે ! પછી શું જોઈએ છે ? વહુ ના બોલતી હોય તો 'રહે તારે ઘેર, આજ પેલી બાજુ સૂઈ જા' કહીએ. એ ના બોલતી હોય તો એને કંઈ બા કહેવાય ? ના કહેવાય. એટલે નવી ઘડભાંજ તો કરવી જ નહીં. એક જ અવતાર જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલી જાય તો લહેર થઈ જાય. અને તે પોતાના સુખ સહિત હોય છે !

**પ્રશ્નકર્તા :** કોઈ પણ સંજોગોમાં સમભાવે નિકાલ જ કરવાનો ?

**દાદાશ્રી :** સમભાવે નિકાલ કરવો એટલો જ આપણો ધર્મ ! કોઈ ફાઈલ એવી આવી ગઈ તો આપણે નક્કી કરવું કે સમભાવે નિકાલ કરવો છે. બીજી ફાઈલ તો એડજસ્ટમેન્ટવાળી હોય, તેને તો કશું બહુ જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** પણ જ્યાં ટોટલ ડિસ્એડજસ્ટમેન્ટ (બધી રીતે પ્રતિકૂળ) હોય ત્યારે શું કરવું પછી ?

**દાદાશ્રી :** સમભાવે નિકાલ કરવાનો ભાવ આપણે મનમાં નક્કી કરવાનો ! 'સમભાવે નિકાલ કરવો છે' એટલો જ શબ્દ વાપરવાનો !

**પ્રશ્નકર્તા :** સામો કોઈ એડજસ્ટમેન્ટ ના લે તો શું કરવું ?

**દાદાશ્રી :** એ ન લે તો આપણે જોવાનું નહીં.

**પ્રશ્નકર્તા :** પણ આપણે પછી શું કરવું ? આપણે છૂટું થઈ જવું ?

**દાદાશ્રી :** આપણે જોયા કરવાનું. બીજું તો એના કે આપણા તાબામાં નથી કંઈ ! માટે જે થાય એ આપણે જુઓ ! છૂટા થઈ જાય તોય વાંધો નથી. આપણું જ્ઞાન એવું નથી કહેતું કે તમે છૂટા ના થશો કે છૂટા થાવ એમેય નથી કહેતું. શું થાય છે એ જોયા કરવાનું. છૂટા થઈ જાવ તોય કોઈ વાંધો નહીં ઉઠાવે કે તમે કેમ છૂટા થઈ ગયા ને ભેગા રહો છો તોય કોઈ વાંધો નથી ઉઠાવતા ! પણ આ ડિસ્એડજસ્ટમેન્ટ એ ખોટી વસ્તુ છે !

**પ્રશ્નકર્તા :** સ્વભાવ જ વિરોધી હોય તો એ ચેન્જ કેવી રીતે થઈ શકે પછી ?

**દાદાશ્રી :** જગતનું નામ જ વિરોધી સ્વભાવ ! જગતનો અર્થ જ વિરોધી સ્વભાવ ! અને એ વિરોધીનો નિકાલ નહીં કરીએ તો વિરોધ રોજ જ આવશે ને આવતે ભવેય આવશે ! એના કરતા અહીં જ હિસાબ ચૂકવી દો, તે શું ખોટું ? આત્મા પ્રાપ્ત થયા પછી હિસાબ ચૂકવી દેવાય.

'આજ્ઞા પાળવી છે' એટલું બોલવું, બસ. બીજા એડજસ્ટમેન્ટ તો કોના હાથમાં છે ? વ્યવસ્થિતના હાથમાં છે !

તમે 'સમભાવે નિકાલ કરવાનું' નક્કી કરશો તો તમારું બધું રાગે પડશે. એ શબ્દમાં જાદુ છે. તે એની મેળે બધો નિવેડો લાવી આપશે.

**પ્રશ્નકર્તા :** સમભાવે નિકાલ કરવો એટલે સામી વ્યક્તિ જે કંઈ કહે એ 'હા' એ 'હા' કરવું ?

**દાદાશ્રી :** એ કહે કે અહીં બેસો તો બેસીએ. એ કહે કે બહાર જતા રહો, તો બહાર જતા રહીએ. એ વ્યક્તિ કંઈ નથી કરતી, આ તો વ્યવસ્થિત કરે છે. એ તો બિચારી નિમિત્ત છે ! બાકી 'હા' એ 'હા' કરવાની નહીં, પણ ચંદુભાઈ 'હા' કહે છે કે 'ના' કહે છે, એ 'આપણે' જોવું ! પાછું 'હા' એ 'હા' કરવી એવું કંઈ તમારા હાથમાં સત્તા નથી. વ્યવસ્થિત તમને શું કરાવડાવે છે એ જોવું. આ તો સહેલી બાબત છે, એને લોકો ગૂંચવે છે.

**પ્રશ્નકર્તા :** પણ સામો માણસ છૂટા થવામાં રાજી હોય તો આપણે છૂટા થવું ?

**દાદાશ્રી :** એ તો સારો કહેવાય, ઘણો સારો કહેવાય. બીજી જગ્યાએ તો મારી મારીને દમ કાઢી નાખે ! તમને માર્યા તો નથી ને ! તો બહુ સારું ! 'મારા તો ધન્ય ભાગ્ય' કહીએ !

**પ્રશ્નકર્તા :** પછી એ તો એમને એમની રીતે રહેવું હોય...

**દાદાશ્રી :** તમે કલ્પનાઓ શા માટે કરો છો કે એ આવું કરશે ?

**પ્રશ્નકર્તા :** એ કરી જ રહ્યા છે, એને અનુભવી જ રહ્યા છીએ.

**દાદાશ્રી :** નહીં. અનુભવ થાય છે, તોય તમારે કલ્પના નહીં કરવાની. આ કલ્પનાથી જ બધું ઊભું થયું છે, જાળું ! બિલકુલ સીધું છે અને

સમભાવે નિકાલ કરવાની અમારી આજ્ઞા પાળે ને, તો એક વાળ જેટલી મુશ્કેલી નથી આવતી અને તે બધા સાપની વચ્ચે હઉ ! અને આ તો એ સાપણ ન્હોય, એ તો સ્ત્રી છે ને ! અને કશું નથી, આ તો તમે જ આ બધું ચીકણું કર્યું છે !

## આપણે ત્યાં તે ડિવોર્સ હોતા હશે ?

**પ્રશ્નકર્તા :** ડિવોર્સ એવા કયા સંજોગોમાં થાય કે ડિવોર્સ લેવાય ?

**દાદાશ્રી :** આ ડિવોર્સ તો હમણાં નીકળ્યું, બળ્યું. પહેલા ડિવોર્સ હતા જ ક્યાં તે ?

**પ્રશ્નકર્તા :** અત્યારના તો થાય છે ને ! એટલે કયા સંજોગોમાં એ બધું કરવું ?

**દાદાશ્રી :** કંઈ મેળ પડતો ના હોય તો છૂટું થઈ જવું સારું. એડજસ્ટેબલ જ ના હોય તો છૂટું થઈ જવું સારું. અને નહીં તો અમે તો એક જ વસ્તુ કહીએ, 'એડજસ્ટ એવરીવ્હેર.' કારણ કે ગુણાકાર ગણવા ના જશો કે 'આવો છે ને તેવો છે.'

**પ્રશ્નકર્તા :** આ અમેરિકામાં જે ડિવોર્સ લે છે એ ખરાબ કહેવાય ? બનતું ના હોય ને એ લોકો ડિવોર્સ લે છે તે ?

**દાદાશ્રી :** ડિવોર્સ લેવાનો અર્થ જ શું છે તે ? આ કંઈ કપ-રકાબીઓ છે ? કપ-રકાબીઓ વહેંચાય નહીં, એને ડિવોર્સ ના કરાય, તો આ માણસોનો-સ્ત્રીઓનો તો ડિવોર્સ કરાતો હશે ? એ લોકોને, અમેરિકનોને માટે ચાલે, પણ તમે તો ઈન્ડિયન (ભારતીય) કહેવાઓ. જ્યાં એક પત્નીવ્રત ને એક પતિવ્રતના નિયમો હતા. એક પત્ની સિવાય બીજી સ્ત્રીને જોઈશ નહીં એવું કહે, એવા વિચારો હતા, ત્યાં ડિવોર્સના વિચારો શોભે ?

કૂતરાં-જાનવરો બધાય ડિવોર્સવાળા છે અને આ પાછા માણસો એમાં પેઠા એટલે પછી ફેર શો રહ્યો ? આપણા હિન્દુસ્તાનમાં તો એક લગ્ન કર્યા પછી બીજું લગ્ન નહોતા કરતા. એ જો પત્ની મરી જાય તો લગ્ન પણ ના કરે એવા માણસો હતા. કેવા પવિત્ર માણસો જન્મેલા !

## આપણે ઈન્ડિયન, એકબીજાને નભાવીએ

**પ્રશ્નકર્તા :** અહીંયા અમેરિકામાં બધા જરાક કંઈક થાય ને તરત છૂટાછેડા લઈ લે છે, તો એમની ગયા ભવની ભડક પેસી ગયેલી હશે એટલે લે છે એ ?

**દાદાશ્રી :** ના, બેભાનપણામાં, ભાન જ નથી ને ! આ ફૉરેનર્સોને (પરદેશીઓને) બધું બદલાયા કરે. આપણે કંઈ ફૉરેનર્સ છીએ ? આપણે તો આર્યપ્રજા કહેવાઈએ. શું કહેવાઈએ ?

**પ્રશ્નકર્તા :** આર્યપ્રજા છે ! હા, ચોક્કસ.

**દાદાશ્રી :** એક ફેરો જેવો મળ્યો, અને આંધળો ધણી મળ્યો તો ચલાવી લેતી'તી, આર્યપ્રજા ! અગર પૈણ્યા પછી આંધળો થઈ જાય ત્યારે શું કરીએ ? ના ચલાવી લેવો પડે ? પણ આ ફૉરેનવાળા ના ચલાવે, આપણે તો ચલાવવું પડે. આફ્ટર ઑલ હી ઈઝ એ ગુડ મેન ! (અંતે તો એ સારા માણસ છે.) હું બોલ્યો હતો તે એપ્રોપ્રિએટ (યોગ્ય) જગ્યાએ એપ્રોપ્રિએટ બોલાતું હતું. તે એક ભાઈએ વાત પકડી લીધી. આફ્ટર ઑલ (અંતે તો) એમને બહુ ગમ્યું.

આપણા સંસ્કાર છે આ તો ! લડતા લડતા એંસી વર્ષ થાય બેઉને, તોય પણ મરી ગયા પછી તેરમાને દા'ડે સરવણી કરે. સરવણીમાં કાકી છે તે કાકાને આ ભાવતું હતું, તે ભાવતું હતું, બધું મુંબઈથી મંગાવીને મૂકે. ત્યારે એક છોકરો હતો ને, તે કાકીને કહે છે, એંસી વર્ષના કાકીને, 'માજી,

આ કાકાએ તો તમને છ મહિના ઉપર પાડી નાખ્યા હતા. તો તમે તે ઘડીએ અવળું બોલતા હતા કાકાનું.' 'તોય પણ આવા ધણી ફરી નહીં મળે', એવું કહે એ ડોસીમા. આખી જિંદગીના અનુભવમાં ખોળી કાઢે કે પણ અંદરખાને બહુ સારા હતા. આ પ્રકૃતિ વાંકી હતી પણ અંદરખાને...

**પ્રશ્નકર્તા :** સારા હતા.

**દાદાશ્રી :** એટલે આવા ધણી ફરી નહીં મળે એવી શોધખોળ કરતા આવડે. ત્યારે કેટલી બધી શોધખોળ હશે ! ખબર ના પડે કે ભઈ, અંદરખાને કેવા હતા તે ! આ તો બધી પ્રકૃતિ, ચિડાય છે એ બધું. પણ આ આપણા હિન્દુસ્તાનના સંસ્કાર ! માજી શું કહે છે ? પાડી નાખ્યા એ વાત જુદી હતી, પણ મને એવા ધણી નહીં મળે ! આ હિન્દુસ્તાનનું આર્ય નારીત્વ !

લોક આપણી નોંધ કરે એવું આપણું જીવન હોવું જોઈએ. આપણે ઈન્ડિયન છીએ, આપણે ફૉરેનર્સ નથી. આપણે સ્ત્રીને નભાવીએ. સ્ત્રી આપણને નભાવે, એમ કરતા કરતા એંસી વર્ષ સુધી ચાલે. અને પેલી (ફૉરેનની બાઈ) તો એક કલાક ના નભાવે અને પેલો (ફૉરેનનો ભાઈ)ય કલાક ના નભાવે. આપણે સંસ્કારી પુરુષો છીએ, આપણે આર્યપ્રજા છીએ. અનાડીપણું દેખાય તે બહુ ખોટું દેખાય. એમના આચાર-વિચાર, ખોરાક-બોરાક બધામાં ફેરફાર, અનાર્ય જેવો અને આપણો ખોરાક આર્યનો. પણ એ અનાર્ય તો અનાડી થયા નથી પણ આપણા લોકો અનાડી થઈ ગયા. તે આ બધું ના શોભે આપણને. જે શોભે નહીં એ કાર્ય કરીએ તો આપણી જે ડિઝાઈન (ચિત્ર) હતી એ બદલાઈ જાય. આર્ય પ્રમાણે ડિઝાઈન હતી એ પણ બદલાઈ જાય. એટલે જીવન ફેરવવું જોઈએ કે ના ફેરવવું જોઈએ, બેન ?

**પ્રશ્નકર્તા :** ફેરવવું જોઈએ.

**દાદાશ્રી :** એ જ હું ફેરવવાવાળો છું. જીવન જીવતા શીખો, સુખી થાવ બધા. છોકરાં સારા થાય, છોકરાંઓને સંસ્કાર સારા પડે.

**પ્રશ્નકર્તા :** અમારું કંઈક તમે જોઈ કાઢ્યું લાગે છે.

**દાદાશ્રી :** અમને જ્ઞાનીઓને બધું મહીં દેખાય, અંદર દેખાય બધું, આ બધું શું ચાલી રહ્યું છે તે ! એટલે પછી અમે કહી દઈએ બધું અને પછી ફેરફાર કરી આપીએ !

## ડિવોર્સ અટકાવવાનું રહસ્ય, 'પ્રતિક્રમણ'

(આ હિન્દુસ્તાનના લોકોએ) ગયા અવતારમાં પ્રતિક્રમણ કરેલા હોય તો ચલાવી લે.

**પ્રશ્નકર્તા :** તો ગયા અવતારમાં પ્રતિક્રમણ કરવા માટેનું નિમિત્ત એને (ફૉરેનવાળાને) મળ્યું હશે ને કાંઈ ?

**દાદાશ્રી :** આમને પ્રતિક્રમણ હોય નહીં ને, એટલે ચલાવી ના લે આ અને આપણે તો પ્રતિક્રમણ ગયા અવતારમાં કરેલા જ હોય, એટલે ચલાવી લે.

**પ્રશ્નકર્તા :** આ નવી વાત છે, દાદા. આગલા ભવમાં પ્રતિક્રમણ કરેલા હોય, એ તો નવું જ આવ્યું આજે.

**દાદાશ્રી :** એટલે જ ચલાવી લે ને પાછું.

**પ્રશ્નકર્તા :** તો (હિન્દુસ્તાનના લોકોએ) પ્રતિક્રમણ કર્યા હશે, એની સમજ ક્યાંથી આવી પ્રતિક્રમણ કરવાની ? આગલા ભવમાં પ્રતિક્રમણ કરવાની સમજ તો કોઈ જ્ઞાની પુરુષે આપી હશે ને ?

**દાદાશ્રી :** એથી આગળના ભવથી શીખતા જ આવેલા છે. ડેવલપ થતા થતા આવ્યા છે ને !

**પ્રશ્નકર્તા :** હા, ડેવલપ થતા જ આવ્યા છે, બરોબર છે.

દાદા, આપણામાંય એવું ખરું ને, કે જેની જોડે આગલા ભવમાં પ્રતિક્રમણ ના થયેલા હોય, તો એ પછી આ ભવમાં ના ચલાવી લે, સામો થાય ?

**દાદાશ્રી :** ચલાવી ન લે, પછી વઢંવઢા થાય.

**પ્રશ્નકર્તા :** વઢંવઢા થાય. પછી શું કરવું એનું ? પછી અહીં હવે પ્રતિક્રમણ કરવા.

**દાદાશ્રી :** વઢ્યા પછી પ્રતિક્રમણ કરે. છેવટે કરે તો ખરા જ તે. રાતે ઊંઘ કેમ આવે એને ? પ્રતિક્રમણ નથી સમજતા તો એ તો કરતા જ નથી હજુ. હિન્દુસ્તાનના લોકોએ પ્રતિક્રમણ કરેલા એટલે એ લોકો ચલાવી લે. બીજા દેશના, કોઈ દેશના ચલાવી ના લે.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ એક હિન્દુસ્તાન જ સમજે છે, બીજા લોકો પ્રતિક્રમણ સમજતા જ નથી. પ્રતિક્રમણની તો ખબર જ નથી.

**દાદાશ્રી :** હં. બીજા તો સમજે નહીં ને ! બીજા તો 'ભગવાન કરે છે' એટલે પછી...

**પ્રશ્નકર્તા :** હા, એટલું કહે ખરો 'એક્સક્યુઝ મી, એક્સક્યુઝ મી' એ શબ્દે શબ્દે કહ્યા કરે.

**દાદાશ્રી :** એ જુદું. તમને (પ્રતિક્રમણની વાત) બેસી ગઈ ?

**પ્રશ્નકર્તા :** ફિટ થઈ ગઈ બિલકુલ. સ્ક્રૂ ટાઈટ થઈ ગયો બધો, નટ-બૉલ્ટ ટાઈટ થઈ ગયા બધા.

**દાદાશ્રી :** શાથી ચલાવી લે છે હિન્દુસ્તાનના લોકો ? નરમ છે ? ગાંડા છે ? ચક્કર છે ? ઘનચક્કર છે ? ત્યારે કહે, 'ના, એવું તેવું કંઈ નહીં.' પ્રતિક્રમણ કરેલા છે.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ કરેલા છે, એ મૂડી છે. એ પ્રતિક્રમણ કરેલાની મૂડી છે, નહીં તો ચલાવી ન લે.

**દાદાશ્રી :** આપણા હિન્દુસ્તાનના ધણી...

ઈડલી જરા કાચી છે. શું કરશો ?' તો કહે, 'ચલાવી લો, ચાલશે.' જુઓ ને, કાચી ઈડલી હિન્દુસ્તાનના લોક ખાય. ચલાવી લે છે ને ?

**પ્રશ્નકર્તા :** ધણી-બૈરી રોજ ઝઘડતા હોય તોય આખી જિંદગી ચલાવી લે છે ને, દાદા ?

**દાદાશ્રી :** ચલાવી લે છે ને ! જુઓ ને ! એય અજાયબી જ છે ને ! મારંમાર કરતા...

**પ્રશ્નકર્તા :** ઝઘડતા હોય ને બધું કરતા હોય પાછા.

**દાદાશ્રી :** પણ ચલાવી લે છે ને ! હજુ પણ લોકો શું સમજે કે આ પ્રજા બિલકુલ ખોટી છે, પ્રજા આવી ઢીલી છે. આવું ન ચલાવી લેવું જોઈએ. પણ ચલાવી રહ્યો છે ને એની પાછળ પોતાનેય ખબર ના પડે કે શાથી હું ચલાવી લઉં છું તે ! શાથી ચલાવી લઉં છું એ પોતાને ખબર ના પડે. આ હું સમજણ પાડું ને, કે પ્રતિક્રમણ કર્યા છે એટલે આ ચલાવી લે છે.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ઝઘડે છેય ખરો અને પાછો પ્રતિક્રમણેય કરે છે. તમારે રાગે પડી ગયું વાક્ય ?

**પ્રશ્નકર્તા :** એકદમ ફિટ થઈ ગયું, દાદા.

**દાદાશ્રી :** એમ ! ઓહોહો ! તમને ફિટ થયું કે વાક્ય ?

**પ્રશ્નકર્તા :** એકદમ, આ આપણે આ અનુભવેલું હોય એવું લાગે. આ રોજ થતું હોય,

જોતા હોઈએ, ચલાવી લઈએ છીએ તેની પાછળનું કારણ શું ? તો એ એક્ઝેક્ટ નીકળ્યું, દાદા.

**દાદાશ્રી :** પ્રતિક્રમણ (થયેલા એ) એક્ઝેક્ટ નીકળ્યું. આ લોકોનું ડેવલપમેન્ટ છે. જેટલું એ ડેવલપમેન્ટ એટલું તો ચલાવી જ લે. પછી ડેવલપમેન્ટ ના હોય તો પાછા ફાટી જાય ત્યાં ! ત્યાં ફાટી જાય, 'મારે નહીં ફાવે' કહેશે.

**પ્રશ્નકર્તા :** ઘણાની તો આવી રીતે સમજવાની તૈયારી હોતી નથી. જો સમજી જાય, તો પછી એનો ફોડ પડી જાય. પછી મુશ્કેલી જ નહીં પાછળથી.

**દાદાશ્રી :** હં. સમજણ પડી કે ઉકેલ આવ્યો. ફૉરેનના બધા દેશો ભેગા થાય અને એમ કહે કે 'આ લોકો કેમ ચલાવી લે છે ને તમે કેમ નથી ચલાવી લેતા ?' ત્યારે કહે, 'નબળાઈ છે, એમની વીકનેસ છે.'

**પ્રશ્નકર્તા :** હા, એમ જ બોલે ને ! નમાલા છે !

**દાદાશ્રી :** નમાલા ! મેર ગાંડિયા, ડેવલપમેન્ટ છે આ !

**પ્રશ્નકર્તા :** ચલાવી લેવું એ નબળાઈ છે ?

**દાદાશ્રી :** નબળાઈ નહીં, આ કહી દીધું ને ! પ્રતિક્રમણને લીધે થયું ને !

**પ્રશ્નકર્તા :** નથી ચલાવી લેતા એ નબળાઈ છે ખરી રીતે તો.

**દાદાશ્રી :** હા, ખરી રીતે એ નબળાઈ છે. પણ એ પેલા લોકોને ત્યાં ઉઘાડી નબળાઈ જુએ ને !

**પ્રશ્નકર્તા :** હા, એટલે દેખાય જુદી વાત.

તે દાદા, તમે અમારા બધાનું કેટલું બધું ચલાવી લો છો ?

**દાદાશ્રી :** પણ મેંય પ્રતિક્રમણ કરેલા ને, વધારે કરેલા ને !

**પ્રશ્નકર્તા :** કેટલા બધા કર્યા હશે ! આખી જિંદગી કર્યા છે તેથી.

**દાદાશ્રી :** હા, વધારે. અને દોષ દેખાય તો કરે ને ! દોષ દેખાય નહીં તો કરેય શી રીતે ? દોષ ઘણાખરાં તો અમને દેખાય, એટલે મારી સૂક્ષ્મ દૃષ્ટિ થઈ ગયેલી, એટલે મારે પ્રતિક્રમણ કરવા જ પડે ને ! છૂટકો નહીં ને !

**પ્રશ્નકર્તા :** અને એટલા બધા પ્રતિક્રમણ થયા એટલે એ સ્થિતિ જે આવી તે એના જ કારણે ને મુખ્ય તો.

**દાદાશ્રી :** હા... એ પ્રતિક્રમણ થયેલા એટલે અત્યારે ચલાવી લઈએ હવે. ચલાવી લેવાના, અને તેય સંતોષપૂર્વક ચલાવી લેવાનું. કેવું ? સંતોષપૂર્વક ચલાવી લઈએ.

## સામો ફાડે ત્યારે તું સાંધ્યા કર

એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આવેલા. તે મને કહે છે કે સાડા ત્રણ હજારનો પગાર (૧૯૭૦માં) મળે છે. ત્યારે મેં કહ્યું, 'બહુ અનુભવ છે એટલે ?' ત્યારે કહે, 'હા, અનુભવ ઘણો, જબરજસ્ત.' મેં કહ્યું, 'એકાદ દહાડો જ્ઞાન લઈ જજે, તે સારું કામ ચાલે ! બાકી સાડા ત્રણ હજારનો પગાર એટલે બીજો કશો તારે વાંધો જ નહીં ને ! સાડા ત્રણ હજાર કમાવો છો તો એટલા બધા રૂપિયાનું કરો છો શું પછી ?' ત્યારે કહે, 'અત્યારે તો મોંઘવારીમાં શી રીતે (ચાલે) ?' ત્યારે મેં કહ્યું, 'પણ શું શું કરો છો, થોડુંઘણું કહો મને.' ત્યારે કહે, 'પંદરસો તો મારી પત્નીને આપું છું.' ત્યારે મેં જાણ્યું, રસોડા ખાતે આપતા હશે, તે મેં કહ્યું, 'રસોડામાં તો આપવા જ પડે ને ! એમાં વાંધો

નહીં, પંદરસો આપો તો.' ત્યારે એ પાછો બોલી ઊઠ્યો, 'ના, એવું નહીં, રસોડામાં નથી આપતો. પંદરસો તો મારી વાઈફને આપવામાં જાય છે.' પોલ ફૂટ્યું (ખુલ્લી) આ ! શી એની અક્કલ છે તે નીકળી આ ! હા, હવે તમે સી.એ. ખરા ! સી.એ. જુદો રહે અને વહુ જુદી રહે. તમે આવા સી.એ. થયેલા માણસને સ્ત્રી જુદી રહે, તમારી બહાર આબરૂ કેટલી હશે ? આબરૂ તો જતી રહે ને પછી કે ના જતી રહે ? પછી મેં પૂછ્યું, 'શાથી જુદી રહે છે ?' ત્યારે કહે, 'મને મેળ નથી પડતો.' મેં કહ્યું, 'છોકરું છે ?' ત્યારે કહે, 'એક છોકરું છે, તેની સાથે રહે છે. એને પંદરસો આપું છું અને બીજું મારે ખાવા-પીવા જોઈએ બધું.' મેં કહ્યું, 'બહુ અક્કલવાળા સી.એ. થયેલા બીજાની ભાંજગડોને તો સુધારી આપે, પણ આ તો પોતાના હિસાબમાં ભૂલ કરી, તમે એક માણસનું સમાધાન ના કરી શકો ? એક બઈ, પોતાની જોડે જેણે શાદી કરેલી છે તે બઈનું સમાધાન ના કરી શકો ? તું ચાર્ટડ એકાઉન્ટન્ટ કહેવાઉ ! તમે તો ભયંકર ગણતરીબાજ !' હું વઢ્યો. મેં કહ્યું, 'આ સી.એ. કોણે કર્યા ? શી રીતે પાસ થયેલા ? ચોરીઓ કરીને પાસ થયા'તા ? સી.એ. તો કેટલો બધો અક્કલવાળો હોય ! બીજું આજુબાજુવાળાને જો કદી ભાંજગડ પડી હોય તો સાંધી આપે એવો હોય. અને તમે ઘરમાં ફ્રેક્ચર કરી નાખ્યું આ ! છેડો ફાડી નાખ્યો આખો ?' ત્યારે કહે, 'દાદાજી, તમે એને ઓળખતા નથી, બહુ જ ખરાબ બૈરી છે આ.' મેં કહ્યું, 'એ વાતેય ખરી છે પણ હું હમણે એને પૂછી આવીશ કે ધણી કેવા છે, તો શું કહેશે એ ?'

**પ્રશ્નકર્તા :** એય એવું જ કહે, 'ખરાબ છે.'

**દાદાશ્રી :** 'તદ્દન નાલાયક છે', એવું કહે ત્યાર પછી એને વિચાર આવ્યો કે 'સાલું, એય મને નાલાયક જ કહે.' પછી મેં કહ્યું, 'હજી બીજા વિશેષણ છે ?' ત્યારે કહે, 'ના, પણ એ વાત જ કરવા જેવી નથી.' મેં કહ્યું, 'શરમ નથી આવતી ? આ તમે આવડા મોટા ભણેલા-ગણેલા થયા અને વહુ જતી રહી !' મેં કહ્યું, 'તમે જ ન્યાય કરો ને ?' ત્યારે કહે, 'એ તો મને વધારે ખરાબ કહે.' મેં કહ્યું, 'તો આનો ન્યાય શો ? ખરાબ કરીને આમ શા હારુ ફર્યા કરો છો ? આ સ્ત્રી જોડે શા હારુ તમારે આવું થયું ?' તો કહે, 'તેને સુધારવા ગયો હતો.' મેં કહ્યું, 'સુધારવાનું ના હોય કોઈને ! આ સુધારવામાં ક્યાં પડ્યો છે તું ? તારું કામ હોય એટલું બતાવને એને. પાછું સુધારવામાં ક્યાં પડ્યો ?' ત્યારે કહે છે, 'સુધારું નહીં તો એ ડાહી ક્યારે થાય ?' મેં કહ્યું, 'જો સુધારવામાં પ્રકૃતિ બદલાય નહીં. તું સુધારવા જાઉ છું ને તે તું સુધરેલો હો તો એ સુધરશે. તું એને સુધારવા જઉં એ કંઈ તારી શિષ્યા થાય એવી નથી, એ ઘરાક.' ત્યારે કહે, 'હા, પણ સુધાર્યા વગર ચાલે જ નહીં ને !' સુધારવાની નહીં, મા (મધર)નેય સુધારવાની નહીં. આપણે તો એડજસ્ટ થવાનું. એને સુધારવાની નહોય. આપણે કંઈ સુધારો કરવા આવ્યા નથી આનો. સુધારવા જતા આ સુધરવાની નહોય. કારણ કે સુધારી કોને શકાય, કે ખરેખર આપણી વહુ જ હોય તો. આ તો રિલેટિવ સગાઈ છે. કેવી સગાઈ છે ? આ સંબંધ તું જાણું છું ? તું સી.એ. છું એટલે તને સમજ પાડું કે આ મધર જોડે જે સંબંધ છે ને, એ રિલેટિવ સંબંધ છે, રિયલ સંબંધ નથી. મધર જોડે બ્લડ રિલેશન (લોહીનો સંબંધ) છે ને પેલો નેબર રિલેશન (પડોશી સંબંધ) છે પણ બેઉ રિલેટિવ સંબંધ છે. રિલેટિવ એટલે તું જેવું રાખું એવું એ રાખશે. આ વાઈફ જોડે રિલેટિવ સંબંધમાં પણ તને આ સાચવતા ના આવડ્યું ? ત્યારે મને કહે કે હું તો એમ જાણું કે આ રિયલ

સંબંધ છે. મેં કહ્યું કે સ્ત્રી જોડે રિયલ સંબંધ હોતો હશે ? આ દેહ જોડે જ રિયલ સંબંધ નથી ને, તો દેહના ઓળખાણવાળા જોડે શી રીતે રિયલ સંબંધ હોય ? એટલે આ બધા સંબંધ રિલેટિવ સંબંધ ! રિલેટિવનો અર્થ શું કે આપણે એની જો જરૂર હોય, તો એ ફાડવા બેઠી હોય તોય આપણે આખી રાત સાંધ સાંધ કરવું. આપણેય ફાડીએ અને એ ફાડે તો સવારમાં શું થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** ડિવોર્સ.

**દાદાશ્રી :** એટલે એ ફાડ ફાડ કરે ને, આપણે સાંધ સાંધ કરવાનું આખી રાત. નહીં તો સવારમાં કોઈ સંબંધ રહેશે નહીં. રિલેટિવનો અર્થ શો ? સાંધો. એક ફાડે તો બીજાએ સાંધ સાંધ કરવું. એટલે બેઉ સાચવે. ત્યારે કહે, 'મારે શી રીતે સાંધવું ?' મેં કહ્યું, ''એ જો આખી રાત તારે માટે બહુ વિચાર કરતી હોય કે 'બહુ ખરાબ છે, બહુ ખરાબ છે', તો તારે આખી રાત એમ કહેવું કે 'એ સારી છે, બહુ સારી છે. આ તો મારી ભૂલ થાય છે, એ તો બહુ સારી છે.' એટલે સવારમાં સંધાઈ જશે. કાલે પાછું એ ફાડવા માગતી હોય તો તું ફરી સાંધજે. એ કહે ખરાબ છે ને આપણેય ખરાબ કહીએ તો ફાટી જાય. માટે જો તારે એની જોડે મેળ પાડવો હોય તો, તારે એ ફાડ ફાડ કરે, ને આપણે સાંધ સાંધ કરવું. તો સવારમાં આખું રહેશે.'' એ છો ને ફાડતી પણ અડધું રહે છે ને ? પાછું સવારમાં જોઈ લઈશું. સુધારવાનું કોને હોય, કે જે રિયલ સગાઈ હોય એને. તેના સારું સુધારવાનું કે ભલે સો અવતાર જાય તોય ભલે, પણ એને સુધારવી જ રહી મારે. આ રિલેટિવ સગાઈ, પહેલાનો હિસાબ પતવા માટેની સગાઈ, એ હિસાબ ચૂકતે થઈ જાય એટલે જુદું પડી જાય, ફરી ભેગી થાય નહીં. એને સુધારવાની ક્યાં ભાંજગડો ! તેને સુધારવા નક્કી કરવું આપણે, ના સુધરે તો આપણે આપણી મર્યાદામાં રહેવું, સંસાર બગડતો અટકાવો. સુધારવા માટે જક પકડવી, પછી એ જકથી બગડી જાય કે ના બગડી જાય ?

**પ્રશ્નકર્તા :** બગડી જાય ને !

**દાદાશ્રી :** સુધારવા માટે નહીં, આ જે બને તે કરેક્ટ કરીને આગળ ચાલવાનું. સુધારવાની ભાવના રાખવી, સુધારવાની ભાંજગડમાં નહીં પડવાનું. હવે એને શી રીતે સુધારવાનું ? ત્યાં જઈને એને કહેવાનું, કે મારું મગજ પહેલા બહુ ખરાબ રહેતું હતું ને, હવે મગજ જરા ટાઢું પડ્યું છે. હેંડ, તું (ઘેર) હેંડ ! તારો દોષ નથી, મારા દોષ મને દેખાયા હવે. આ સમજદાર માણસો મને મળે છે ને એમનું જલદી કામ થઈ જાય છે, તરત જ પહોંચી શકે કે આ કરેક્ટ વાત છે. તરત અમલમાં લઈ લે.

તમને ગમ્યું કે ? બહુ ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** તે સમજાવીને બેઉનું પછી સાંધી આપ્યું હઉ બિચારાનું ! રાગે પાડી દીધું ! આવું છે આ જગત ! અણસમજણ આ બધી ખોટી ! આ તો રિલેટિવ સગાઈઓ છે. આને સુધારવાનું ના હોય. પેલી બાઈનેય મેં કહ્યું, 'સુધારવા ફરું છું આ ? સુધારવાનો હોય ? જેવો માલ તેવો માલ, આપણે ચલાવી લેવાનો. એડજસ્ટ એવરીવ્હેર !' પાંચમાં આરામાં એડજસ્ટ એવરીવ્હેર હોય અને ડિસ્એડજસ્ટ થશો તો માર ખાઈ ખાઈને મરી જશો. તે પણ રાગે પાડી દીધું.

## બગડેલી બાજી જ્ઞાનથી સુધાર

સહુ સહુની પ્રકૃતિના ફટાકડા ફૂટે છે. આ ફટાકડા ક્યાંથી આવ્યા ?

**પ્રશ્નકર્તા :** સહુ સહુની પ્રકૃતિના છે.

**દાદાશ્રી :** અને આપણે જાણીએ કે 'આજ ફૂટશે' ત્યારે સુરસુરિયું જ થઈ ગયું હોય ! એટલે આને એડજસ્ટ કરી લો. જ્ઞાન ના હોય ત્યાં સુધી ના ચાલે. એ પાછું મારે સમજણ પાડ પાડ કરવી પડે રોજ, વ્યવહારિકતા. પણ હવે આપણું જ્ઞાન મળ્યા પછી (એની જરૂર નહીં ને) ! વ્યવહારિક જ્ઞાન ના હોય તેને મારે બહુ માથાકૂટ કરવી પડે, આશીર્વાદ આપવા પડે. પણ તમે (જ્ઞાન લીધા પછી) કંટ્રોલેબલ થઈ ગયા હવે.

એટલે હવે હું આવતી સાલ આવું તે પહેલા તમારે કહી દેવાનું કે 'અમે બે એક જ છીએ, દાદા જોઈ લો.' આવતી સાલ આ ભવાડા ના થવા જોઈએ. આ તો બધે જ્યાં ને ત્યાં ભવાડા થાય ! કેટલા દહાડા ઢાંક ઢાંક કરીએ, બધે ભવાડા ત્યાં ? હવે એ ના હોવા જોઈએ. દાદાનું વિજ્ઞાન આપણી પાસે આવ્યું. શાંતિનો ઉપાય આપ્યો, આનંદનો ઉપાય !

અને મન બૂમ પાડે કે 'કેટલું બધું બોલી ગયા, કેટલું બધું એ થઈ ગયું !' ત્યારે 'સૂઈ જા ને, એ હમણે રૂઝાઈ જશે' કહીએ. રૂઝાઈ જાય તરત. તે ખભો થાબડીએ એટલે સૂઈ જાય. તારે રૂઝાઈ ગયું ને બધું, નહીં ? ઘા પડેલા તે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બઈએ ઘા પાડ્યા, ધણીએ ઘા પાડ્યા, બધાએ ઘા પાડ પાડ કર્યા ! તે ઘા પાડેલા બધા રૂઝાઈ ગયા, એ એવા હસે છે કે બધા દાંત દેખાય ! કેવા ઘા પાડતા'તા, નહીં ? અરે, ટોણા મારે ! ટોણા, આ પાછા મેણા જુદા ! આ અમેરિકનોને મેણા-ટોણા ના આવડે. આ અક્કલના કોથળાઓને બહુ મેણા-ટોણા આવડે. તમે મેણા-ટોણા સાંભળેલા ? પોતાને શું દુઃખો પડ્યા, એ બધું પોતાની પાસે નોંધ હોય ને ? એ ઘા જલદી રૂઝાય નહીં ને ! અને જ્ઞાની પુરુષ પાસે તો અહીં દુઃખ હોય જ નહીં ને ! દુઃખ હોય તોય જતું રહે ! ઘા બધા રૂઝાઈ જાય !

**પ્રશ્નકર્તા :** ઝઘડો થાય તો પણ ભરેલો માલ નીકળે ?

**દાદાશ્રી :** ઝઘડો થાય ત્યારે મહીં નવો માલ પેસે, પણ તે આ આપણું જ્ઞાન આપ્યા પછી ભરેલો માલ નીકળી જાય.

**પ્રશ્નકર્તા :** આમ તો માણસ ઝઘડો કરતો હોય ને હું પ્રતિક્રમણ કરતી હોઉં તો ?

**દાદાશ્રી :** વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** તો ભરેલો માલ નીકળી જાય ને બધો ?

**દાદાશ્રી :** તો તો બધો નીકળી જાય. પ્રતિક્રમણ જ્યાં હોય ત્યાં માલ નીકળી જાય. પ્રતિક્રમણ એકલો જ ઉપાય છે આ જગતમાં.

**પ્રશ્નકર્તા :** ફેરફાર થાય એટલે સમજાય, દાદા સાચા જ છે, તો જ ફેરફાર થાય.

**દાદાશ્રી :** તારામાં ફેરફાર થયો ને !

**પ્રશ્નકર્તા :** હા, એમનું તેલ કાઢી નાખતી. મેં કહ્યું, દાદા ના મળ્યા હોત તો ડિવોર્સ કરતે કદાચ.

**દાદાશ્રી :** એમ ? દરેકના ઘરમાં શાંતિ થઈ ગઈ ! શાંતિ નહોતી તે થઈ ગઈ !

ધણી વઢે તો શું કરું તું હવે ?

**પ્રશ્નકર્તા :** સમભાવે નિકાલ કરી દેવાનો.

**દાદાશ્રી :** એમ ! જતી ના રહું હવે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એ જતા રહે ત્યારે શું કરું તું હવે ? મને તારી જોડે નહીં ફાવે તો ?

**પ્રશ્નકર્તા :** બોલાવી લાવવાના. માફી માગીને, પગે લાગીને બોલાવી લાવવાના.

**દાદાશ્રી :** હા, બોલાવી લાવવાના. અટાવી-પટાવીને, માથે હાથ મૂકી, માથે હાથ ફેરવી... આમ આમેય કરવું કે ચૂપ પાછું.

## પરણ્યા એટલે પ્રૉમિસ ટુ પે

**પ્રશ્નકર્તા :** આપને કોઈ વખત પરણવા માટે પસ્તાવો થયેલો ખરો, કે 'ના પૈણ્યા હોત તો સારું' ?

**દાદાશ્રી :** ના, બા ! હું તો પસ્તાવો કરવાનું શીખ્યો જ નથી કોઈ દહાડોય ! કાર્ય જ પહેલેથી એવું કરું, પસ્તાવો ના કરવો પડે. અને સ્ત્રી શું દુઃખદાયી છે ? અલ્યા, તારી અક્કલ દુઃખદાયી, તેમાં સ્ત્રી શું કરે તે, તું વાંકો છે તેમાં ? જીવન જીવતા આવડ્યું હોય તો પસ્તાવો જ ના કરવો પડે. મારે જિંદગીમાં પસ્તાવો જ નથી કરવો પડ્યો. આપણું ચીતરેલું ડ્રોઈંગ (ચિતરામણ) ત્યારે તો ભેગા થયા. તો હવે શેને માટે આપણે પસ્તાવો કરીએ ? ડ્રોઈંગ હવે કંઈ ભગવાને કરી આપ્યું'તું ? આ તો આપણું જ ડ્રોઈંગ ! રાજીખુશીથી સોદો કરેલો છે ને હવે ફરી જવાય ? સોદો નહીં કરેલો ?

**પ્રશ્નકર્તા :** કરેલો ને !

**દાદાશ્રી :** તે હવે ફરી જવાતું હશે ? લગ્ન કર્યાં એટલે 'પ્રૉમિસ' કર્યું આપણે, લગ્નમાં, એટલે પ્રૉમિસ તો બધું પાળવું જ જોઈએ ને ? કોન્ટ્રાક્ટ કર્યો છે આ, તે આપણે પાળવો જ પડે ને ? હું હઉ પાળું છું ને ! છૂટકો જ નહીં ને !

હીરાબાની એક આંખ '૪૩ની સાલમાં જતી રહી. એમને ઝામરનું દર્દ હતું. તે ડૉક્ટર ઝામરનું (ઓપરેશન) કરવા ગયા, તે આંખને અસર થઈ, તેને નુકસાન થયું. એટલે લોકોના મનમાં એમ કે આ 'નવો' વર ઊભો થયો. ફરી પૈણાવો. તે એક ભાદરણના પટેલ આવ્યા. તે એમના સાળાની છોડી હશે, તેટલા માટે આવ્યા. મેં કહ્યું, 'શું છે તમારે ?' ત્યારે એ કહે, 'આવું તમારું થયું ?' હવે તે દહાડે '૪૪માં મારી ઉંમર ૩૬ વર્ષની. ત્યારે મેં કહ્યું, 'કેમ તમે આમ પૂછવા આવ્યા છો ?' ત્યારે એ કહે, 'એક તો હીરાબાની આંખ ગઈ છે. બીજું પ્રજા કશું નથી.' મેં કહ્યું, 'પ્રજા નથી પણ મારી પાસે કશું સ્ટેટ નથી. બરોડા સ્ટેટ નથી કે મારે તેમને આપવાનું છે. સ્ટેટ હોય તો છોકરાંને આપેલુંય કામનું. આ કંઈ એકાદ છાપરું હોય કે થોડીક જમીન હોય. અને તેય આપણને પાછું ખેડૂત જ બનાવે ને ! જો સ્ટેટ હોય તો જાણે ઠીક છે.' વળી તેમને મેં કહ્યું, કે 'હવે શેના હારુ તમે આ કહો છો ? અને આ હીરાબાને તો અમે પ્રૉમિસ કરેલું છે, પૈણ્યો હતો ત્યારે. એટલે એક આંખ જતી રહી એટલે શું કરે હવે ? બે જતી રહેશે તોય હાથ પકડીને હું દોરવીશ.' હીરાબા દુઃખી થાય કે ના થાય ? મારી આંખ ગઈ ત્યારે આ થયું ને !' અમે તો પ્રૉમિસ ટુ પે (વચન આપ્યું) કર્યું. મેં એમને કહ્યું, 'હું કોઈ દહાડો ફરું નહીં, દુનિયા આઘીપાછી થઈ જાય તોય પ્રૉમિસ એટલે પ્રૉમિસ !'

## વન ફેમિલીમાં ચોખ્ખો વ્યવહાર

ફેમિલી જ ચોખ્ખું કરો, બીજું કંઈ નહીં. તમારી ફેમિલીને જ ચોખ્ખું કરો. તમારી બુદ્ધિથી સમજાય એવું છે કે નહીં ? અને વન ફેમિલીમાં શું હોવું જોઈએ ? તમે બીજાને શું સલાહ આપો ? કોઈ મહીં લડંલડા ના કરશો. મહીં કચકચ ના કરશો, એવું કહો ને ? અને તમે સલાહ

આપનારા અને તમારા ઘેર કચકચ ! એટલું જ કહું છું, વધારે નથી કહેતો. વળી મોક્ષની વાત જવા દો અત્યારે, આટલું કરો તો મહીં ક્લેશ ના રહે ઘરમાં. પહેલો ધર્મ જે છે એ ઘરમાંથી શરૂ કરો. ઘરમાં કિંચિત્‌માત્ર ડખો ના રહે અને દુઃખ ના થાય કોઈને, એવી રીતે ફેમિલી મેમ્બર તરીકે થઈ જાવ.

ફેમિલીમાં તો આપણને જીવતા નથી આવડતું. તે આમ ભણ્યા બધું પણ પહેલા આ ના ભણવું જોઈએ કે વાઈફ જોડે કેમ ડીલિંગ (વ્યવહાર) કરવું ? હાઉ ટુ ડીલ વિથ વાઈફ ? હાઉ ટુ ડીલ વિથ ચિલ્ડ્રન ? (પત્ની જોડે, બાળકો જોડે વ્યવહાર કેમ કરવો તે ?) ના જાણવું જોઈએ ? તેં કઈ ચોપડી વાંચી છે, હાઉ ટુ ડીલ વીથ વાઈફ ?

**પ્રશ્નકર્તા :** 'મેરેજ એન્ડ ફેમિલી' એવી કંઈક બૂક (ચોપડી) વાંચી હતી.

**દાદાશ્રી :** તોય પણ એવા ને એવા રહ્યા ને ! તો એ ચોપડીઓ ખોટી બધી ! જે સાબુ ઘસવાથી મેલ ના જાય, એ સાબુ નહોતો એ નક્કી થઈ ગયું. અત્યારે લોકો ધર્મ શીખવાડવા આવે અને અહીંયાથી આપણું કંઈ ઓછું ના થાય તો જાણવું કે સાબુ ન હોય. આ તો બધા વગર કામના ફરે છે ! તરત જ, સાબુ ઘસે એટલે પછી મેલ જવો જ જોઈએ. મહેનત કરેલી ફળે, પાણી વાપરેલું નકામું ના જાય. કેટલાક ડૉક્ટરો તો ત્યાંથી હોસ્પિટલમાંથી ચિડાઈને આવે છે ને, તે ઘેર આવીને વાઈફને કહે છે, 'તારામાં અક્કલ નથી.' અરે ! આવું બધું ફેમિલીમાં બોલાય એવું ? બહારના જોડે ના ફાવતું હોય તો કહી દેવું કે 'તારામાં અક્કલ નથી.' એટલે વઢવાડ ચાલુ થઈ જાય. પણ આ ઘરમાં ના કહેવાય. ઘરમાં તો આપણને જલેબી ખવડાવે, લાડવા ખવડાવે, ભજિયાં ખવડાવે, એની બિચારી જોડે, આવું કહેવાય નહીં. એટલે વાઈફ જોડે, છોકરાં જોડે, પહેલામાં પહેલું સુધારવા જેવું શું છે, કે પોતાના કુટુંબમાં, ફેમિલીમાં શાંતિ અને સંતોષ રહેવો જોઈએ. પહેલું પોતાની ફેમિલીમાં !

'માય ફેમિલી'નો અર્થ શું થાય ? ત્યારે કહે, 'ત્યાં ભાંજગડ હોય નહીં. વિચારભેદ હોય પણ ભાંજગડ ના હોય, ક્લેશ તો ના જ હોય. હા, ડખલો પોતાની ફેમિલીમાં ના હોય, બહાર જઈને ડખલ કરો. જો ડખલ કરવી હોય તો બહારવાળા જોડે જઈને કરી આવો, ફેમિલીમાં ના થાય. આ 'વન ફેમિલી' કહેવાય. એટલે કાલથી બંધ કરી દો, એય તમારી જોડે બંધ કરી દેશે. પોતાનું ફેમિલી એટલે પોતાનું ! પોતાના ફેમિલીમાં ? આઈ એન્ડ માય વાઈફ અને મારા છોકરાં, એ તો તમારી ફેમિલી કહેવાય. એમાં કશું ડખો હોય નહીં. બહારના જોડે, બીજી ફેમિલી જોડે ડખો હોય.

**પ્રશ્નકર્તા :** દરેકની જુદી જુદી પર્સનાલિટી (વ્યક્તિત્વ) હોય એટલે ફેમિલીમાં કૉન્ફ્લિક્ટ (ઘર્ષણ) થાય ને ?

**દાદાશ્રી :** તો પછી ફેમિલી કહેવાય નહીં. અને તમે કહો છો કે 'ધીસ ઈઝ માય ફેમિલી !' અને ફેમિલી કોનું નામ કહેવાય કે ડખો ના હોય.

બેનો, કશી વાતચીત કરજો. દુઃખનો અંત તો આવવો જોઈએ. આમ ક્યાં સુધી આવું ને આવું રહે, આપણું જીવન !

આ અણસમજણ જ છે બધી. અણસમજણો ભાંગો. બીજો ધર્મ નહીં કરો તો ચાલશે, ભગવાનને એના પર વાંધો નથી, પણ એવી અણસમજણ કાઢી નાખો ને ! આપણી સેફસાઈડ તો કરો. વધારે ના થાય તો આપણા ઘરની ફેમિલીની સેફસાઈડ તો કરો. એ પહેલો ધર્મ અને પછી મોક્ષધર્મ.

## સમજીએ 'માય ફેમિલી'ની બાઉન્ડ્રી

જીવન જીવવાનું સારું ક્યારે લાગે કે આખો દહાડો ઉપાધિ ના લાગે. શાંતિમાં દિવસ જાય, ત્યારે જીવન જીવવાનું ગમે. આ તો ઘરમાં ડખાડખ થાય એટલે જીવન જીવવાનું શી રીતે ફાવે તે ? આ તો પોષાય જ નહીં ને ! ઘરમાં ડખાડખ હોય નહીં. પાડોશી જોડે થાય વખતે, બહારના જોડે થાય, પણ ઘરમાંય ? ઘરમાં ફેમિલી તરીકે લાઈફ (જિંદગી) જીવવી જોઈએ. ફેમિલી લાઈફ કેવી હોય ? ઘરમાં પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ ઊભરાતો હોય. આ તો ફેમિલી લાઈફ જ ક્યાં છે ? દાળ ખારી થઈ તો કકળાટ કરી મેલે. 'દાળ ખારી છે' પાછું એવું બોલે ! અન્ડરડેવલપ્ડ (અર્ધ વિકસિત) પ્રજા ! ડેવલપ્ડ (વિકસિત) કેવા હોય કે દાળ ખારી થઈ તો બાજુએ મૂકી દે અને બીજું બધું જમી લે. ના થાય એવું ? દાળ બાજુએ મૂકીને બીજું જમાય નહીં ? ધીસ ઈઝ ફેમિલી લાઈફ. બહાર ભાંજગડ કરો ને ! માય ફેમિલીનો અર્થ શું ? અમારામાં ભાંજગડ નહીં કોઈ જાતની. એડજસ્ટમેન્ટ લેવું જોઈએ. પોતાની ફેમિલીની અંદર એડજસ્ટ થતા આવડવું જોઈએ. એડજસ્ટ એવરીવ્હેર !

ઘેર 'માય ફેમિલી, માય વાઈફ' કહેવાય. અને ત્યાં આપણે જઈએ ત્યારે તો મૂઆ વઢતા હોય ! અલ્યા મૂઆ, તું આવું જૂઠું બોલે છે ! ઘરમાં પાંસરો રહે ને ! 'માય ફેમિલી' કોનું નામ કહેવાય કે આ મારી બાઉન્ડ્રી, આમાં તો અમારે ઝઘડો જ ના હોય, એનું નામ માય ફેમિલી !

'ફેમિલી ઓર્ગેનાઈઝેશન'નું જ્ઞાન છે તમારી પાસે ? આપણા હિન્દુસ્તાનને 'હાઉ ટુ ઓર્ગેનાઈઝેશન ફેમિલી' એ જ્ઞાન જ ખૂટે છે. 'ફૉરેન'વાળા તો 'ફેમિલી' જેવું સમજતા જ નથી. એ તો જેમ્સ વીસ વરસનો થયો એટલે એના મા-બાપ વિલિયમ ને મેરી, જેમ્સને કહેશે કે તું તારે જુદો ને અમે બે પોપટ અને પોપટી જુદા ! એમને 'ફેમિલી ઓર્ગેનાઈઝ' કરવાની બહુ ટેવ જ નથી ને ! અને એમની 'ફેમિલી' તો ચોખ્ખું જ બોલે. મેરી જોડે વિલિયમ્સને ના ફાવ્યું એટલે 'ડાયવોર્સ'ની જ વાત ! અને આપણે તો ક્યાં 'ડાયવોર્સ'ની વાત ? આપણે તો જોડે ને જોડે જ રહેવાનું. કકળાટ કરવાનો ને પાછું સુવાનુંય ત્યાં જ, એની એ જ રૂમમાં ! આ જીવનનો રસ્તો નથી. આ 'ફેમિલી લાઈફ' ના કહેવાય. મને એવું લાગે છે, મારી વાત તને ગમતી નથી.

**પ્રશ્નકર્તા :** ના, ના, એમાં શું વાંધો છે ? કોઈકે તો ખુલ્લે ખુલ્લું કહેવું જ જોઈએ ને !

**દાદાશ્રી :** તો એટલું સારું છે ! તે સમજાય તો પછી કહે.

## વન ફેમિલી જેમ જીવે સાચા

આ બીજું ફેમિલી અને આ અમારું વન (એક) ફેમિલી. જો વન ફેમિલી છે તો આમાં બીજી ભાંજગડ ના હોય. વન એટલે વન ! તેમાં બે ના હોય. આ તો વાઈફે છે તે કંઈ ભૂલ કરી હોય, તો તરત કકળાટ ! આવું વન ફેમિલીને આ કકળાટ ના હોવો જોઈએ. આપણે સમજવું કે આપણી ફેમિલી છે આ તો. છોકરાંઓ મહીં ફેમિલી કહેવાય. ફેમિલી એટલે હું જ ! તેમાં બાળક વખતે કચાશ કરે, વાઈફ કચાશ કરે, પણ ભઈએ કચાશ ના કરવી જોઈએ. તમને કેમ લાગે છે ?

તમને જો આ ન બની શકે એવી વાત લાગતી હોય તો હું આશીર્વાદ આપું, પછી તમારાથી થઈ શકશે. અને માણસ બધું કરી શકે એમ છે. તમે કૉલેજમાં ભણી ભણીને અહીંયા આગળ અમેરિકા સુધી આવ્યા છો, તે કંઈ જેવું તેવું કાર્ય કર્યું છે ! આમાં પ્રારબ્ધે યારી આપી છે, એવું આમાંય પણ

પ્રારબ્ધ યારી આપશે. જો તમે નક્કી કરશો તો પ્રારબ્ધ યારી આપશે. નક્કી ના કરો ત્યારે યારી કેમ કરીને આપે ?

### સાચી સમજણે પ્રેમમય જીવન જીવાય

**પ્રશ્નકર્તા :** અધ્યાત્મમાં તો આપની વાત માટે કંઈ કહેવાનું જ નથી, પણ વ્યવહારમાંય આપની વાત 'ટોપ'ની વાત છે.

**દાદાશ્રી :** એવું છે ને, ગમે તેટલું બાર લાખનું આત્મજ્ઞાન હોય પણ વ્યવહાર સમજ્યા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં. કારણ કે વ્યવહાર છોડનાર છે ને ! એ ના છોડે તો તમે શું કરો ? તમે 'શુદ્ધાત્મા' છો જ, પણ વ્યવહાર છોડે તો ને ? જો વ્યવહારમાં ચીકણા થયા તો કષાયી થઈ જવાય. પહેલો આ વ્યવહાર શીખવાનો છે. વ્યવહારની સમજણ વગર તો લોકો જાતજાતના માર ખાય છે. તમે વ્યવહારને ગૂંચવ ગૂંચવ કરો છો. ઝટપટ ઉકેલ લાવો ને !

ઘરમાં કયા પ્રકારના દુઃખો થાય છે, કયા પ્રકારના ઝઘડા થાય છે, કયા પ્રકારના મતભેદ થાય છે ? જો બન્ને જણ લખી લાવતા હોય ને, તો એમને એક કલાકમાં જ બધાનો નિવેડો લાવી આપું. અણસમજણથી જ ઊભા થાય છે, બીજું કશું નહીં. આ તને કેમ લાગે છે ? આપણે ભૂલથી કરીએ છીએ ને, ખોટું જ કરીએ છીએ ને ?

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે.

**દાદાશ્રી :** તો એટલું આ ફેરફાર ના થાય ? આ મારું કહેવાનું છે. અને તમે લખીને આપો. આ સ્ત્રી કહે છે કે આવી રીતે એમની જોડે મારે ઝઘડા થાય છે, તો એ લખીને આપો તો એમને કહી આપું કે આમાં આ ખોટું છે, આ ખોટું છે.

આ ગ્લાસવેર (કાચના વાસણો) તૂટી ગયા, બઈના હાથે સો ડૉલરના અને કકળાટ કરે એનો શો અર્થ છે ? મીનિંગલેસ (અર્થહીન) ! એ બઈ તોડી નાખે ખરી, એક પ્યાલો ? એને જરા વિચારવું જોઈએ કે બઈ તોડી ના નાખે. તો એની પાછળ શું શું કારણો છે ? અમને પૂછો તો અમે તમને બતાવી દઈએ. તેથી આ બઈનોય ગુનો નથી ને તમારો ગુનો નથી. આ એનું કારણ આ પ્રમાણે છે. એટલે પછી તમારે ગુસ્સે થવાનું કંઈ કારણ જ નથી. એવું હરેક બાબત પૂછો તો બધી બાબતો અમે તમને કહી દઈએ. તમારી ભૂલને લઈને લૂંટી ગયો એવું અમે તમને સમજાવીએ. એ બધું સમજવું જોઈએ.

જો આજ તમારા ઘરના માણસો અહીં ના આવ્યા હોય તો તમે કહેજો કે દાદા આ પ્રમાણે કહે છે કે મારી ભૂલ મને સમજણ પડતી હોય એ ભૂલ તમે કહેશો નહીં અને તમારી ભૂલ તમને સમજણ પડતી હોય એ હુંય નહીં કહું. આપણે આટલું સમાધાન કરી નાખો અને આ ડખલ જોઈએ નહીં હવે, કહીએ. પ્રેમમય જીવન જીવો કે છોકરાં બધા ખુશ થઈ જાય, માટે આવું ન હોવું જોઈએ. જીવન તો જીવન હોવું જોઈએ !

હવે ઘેર છે તે ભાંજગડ નહીં થાય ને ? અને એ ભૂલ કાઢતા હોય તમારી, ત્યારે કહેવું કે આ તો હું જાણું છું. એ ભૂલ કાઢવાની દાદાએ ના કહી છે ને, કહીએ. એવી સમજણ પાડવી. એટલે એને ચેતવવા, આ તો હું જાણું છું. એ ભૂલ ના કાઢશો !

ભૂલો તો થયા જ કરવાની. ભૂલ તો બન્નેની થાય ને ? કોની ભૂલ ના થાય ?

**પ્રશ્નકર્તા :** ભૂલ તો બધાની થાય.

**દાદાશ્રી :** ભૂલો કાઢવાની જ ના હોય. ભૂલ હંમેશાં ઘરમાં કોઈની ભૂલ ના કાઢવાની હોય.

બાકી, જૂના કર્મને જોયા કરવાના. જોયા કરવાથી શું થાય ? સ્ટડી થાય, કયું કયું ખરાબ ને કેવી રીતે થયું છે, જેથી ફરી નવેસરથી એમાં સુધારાય. મોક્ષનું કંઈ જ્ઞાન તો હોતું જ નથી પણ જો સંસારમાં રહેવું હોય, તો જૂના કર્મને સુધારવા જોઈએ, કે વાઈફ જોડે વગર કામનો ઉકાળો કર્યો, તે આ જ રસ-રોટલી હતી, તે મને કઢી ભાવી નહીં અને આ બધું બગડ્યું. એટલે એમાંથી અનુભવ શીખીને અને પછી બીજે દહાડે નક્કી કરવું જોઈએ કે ફરી આવું કરવું નથી.

### છૂટાછેડા લેનારને દાદા કરે સમા

હિન્દુસ્તાનમાં કઈ ફેમિલીમાં ઝઘડા નથી, ઘરમાં ? તો મારે કેટલાક વખત તો બેઉને સમજણ પાડી પાડીને રાગે પાડી દેવું પડે. છૂટાછેડા લેવાની તૈયારીઓ જ ચાલતી હોય, કેટલાય માણસોને આવું ! શું થાય તે પણ ? છૂટકો જ નહીં ને ! અણસમજણથી બધું છૂટું થઈ જાય ! પોતાનું ઝાલેલું છોડે નહીં અને બધી વાત અણસમજણની હોય. એમાં પછી હું સમજણ પાડું ત્યારે કહેશે, ના. ત્યારે તો એવું નથી, એવું નથી.

**પ્રશ્નકર્તા :** આમેય ભેગા હોય પણ છૂટા જેવા જ રહેતા હોય.

**દાદાશ્રી :** એવું છૂટાછેડા જેવું જ.

**પ્રશ્નકર્તા :** તમે બધાને ભેગા કરી આપ્યા.

**દાદાશ્રી :** ઘણા લોક તો એમ કહે, અમે (છૂટા પડવાની) તૈયારીમાં જ હતા અને તમે ભેગા કરી આપ્યા. તે હવે બે વગર અમને ગમતું નથી, કહે છે. ખાલી સમજવામાં ભૂલ છે. સમજતા જ નથી આવડતું, બોલતા જ નથી આવડતું.

છૂટાછેડા લેવાના હોય ને, તેને મારી પાસે લાવે તો હું એક જ કલાકમાં સમા કરી આપું. એટલે પાછા એ બેઉ જણા ચોંટી જ રહે. ખાલી અણસમજણની ભડક ! ઘણા છૂટા પડી ગયેલા આમાં રાગે પડી ગયા. એનું સમું કરી આપું. એ રિપેર થઈ જાય, રાગે પડી જાય. એમનું રિપેર કરીએ એટલે જોઈન્ટ થઈ જાય પછી. આપણે એમ જાણીએ કે અહીં આગળ આનો આ બગાડ છે અને અહીં આ બગાડ છે. એ રિપેર કરીએ. એવા કેટલાય રાગે પડી ગયા. એને 'ટમ્બલિંગ બેરલ'માં નાખવા પડે. 'ટમ્બલિંગ બેરલ'માં નાખીને ફેરવે, એટલે બધા એના બધા મોગરા હોય, એ અથડાય અથડાય ને બધા મોગરા તૂટી જાય.

કંઈ વિચારવા જેવું નથી લાગતું તમને ? આ તો આ વિચારોને સારા માણસ થઈને કેવું કરો છો ? હજી સુધારી શકાય એવું છે. હજુ કંઈ બગડી ગયું નથી. તદ્દન બગડી ગયું હોત તો તો આપણે કહીએ કે ભઈ, ઉખેડી નાખો હવે બધું, ફરી નવેસરથી વાવો. હજુ ડિમૉલિશન (નિકંદન) કરવા જેવું નથી, હજુ તો સારું છે. એને રિપેર કરવાની જરૂર છે. ઓવરહૉલ (દુરસ્ત કરવાનું) કહે છે ને ? ઓવરહૉલ કરવાની જરૂર છે ? બીજું કશું નહીં. કેવા સારા માણસ અને આપણે મતભેદ ક્યાં થાય ? આવતી સાલ હું આવું ત્યારે મતભેદનું ભૂત કાઢી નાખો !

એક અવતાર નભે કે ના નભે ? ઉકેલ લાવોને જ્યાં ત્યાંથી. એક અવતાર માથે પડ્યા તો માથે પડેલાની જોડે ઉકેલ ના લાવવો જોઈએ ? ઘરમાં તો સુંદર વ્યવહાર કરી નાખવો જોઈએ. 'વાઈફ'ના મનમાં એમ થાય કે આવો ધણી નહીં મળે કોઈ દહાડો અને ધણીના મનમાં એમ થાય કે આવી 'વાઈફ' પણ ક્યારેય ના મળે ! એવો હિસાબ લાવી નાખીએ ત્યારે આપણે ખરા ! આવી સમજણ ફીટ કરે તો આખું જીવન સારું જાય.

**- જય સચ્ચિદાનંદ**

## અડાલજમાં આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

**૧૯ માર્ચ** (બુધ) - **પૂજ્ય નીરુમાની ૧૯મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

**૨૨ માર્ચ** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૨૩ માર્ચ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૭ થી ૧૧ મે - PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર** (વધુ વિગત આવતા અંકે)

### Atmagnani Pujya Deepakbhai's Germany & UK Satsang Schedule - 2025

| Date | Day | From | to | Event | Venue |
|---|---|---|---|---|---|
| 28-Mar-25 | Fri | All Days | | Akram Vignan Event (Prior Registration Required) | Willingen - Germany |
| 01-Apr-25 | Tue | | | | |
| 04-Apr-25 | Fri | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Shree Wanza Community Centre, Pastures Lane, **Leicester**, LE1 4EY. |
| 05-Apr-25 | Sat | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 05-Apr-25 | | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 06-Apr-25 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 06-Apr-25 | | 5:00 PM | 7:30 PM | Pujyashree Satasang | |
| 11-Apr-25 | Fri | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD. |
| 12-Apr-25 | Sat | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 12-Apr-25 | | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 13-Apr-25 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 13-Apr-25 | | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 14-Apr-25 | Mon | 7:30 AM | 10:00 PM | Pujyashree Satasang | |
| 17-Apr-25 | Thu | All Days | | UK Shibir (Prior Registration Required) | Weston-Super-Mare |
| 21-Apr-25 | Mon | | | | |


**'દાદાવાણી' માસિકની માહિતી** - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. **પ્રકાશનનું સ્થળ :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** અંબા મલ્ટિપ્રિન્ટ, **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ-પ્રતાપપુરા રોડ, છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯

૪. **પ્રકાશકનું નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૫. **તંત્રીનું નામ :** ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

૬. **માલિકોના નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૨૫, અડાલજ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા

(પ્રકાશકની સહી)

# પૂણે : ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : તા.૧૨ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫

શ્રી સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા




સત્સંગ - જ્ઞાનવિધિ






દ્વાર ઓપનીંગ





પૂણે ત્રિમંદિર



માર્ચ ૨૦૨૫
વર્ષ-૩૦, અંક-૭
સળંગ અંક-૩૫૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## એકબીજા સાથેના મતભેદોમાંથી પાછાં ફરો

લગ્ન જીવન પોતાને અનુકૂળ થયું હોય, પણ પછી મતભેદ પડે ત્યારે મહીં શું થાય? તે ઘડીએ સુખ (!) વર્તે બહુ ? બે જણને મતભેદ પડે ત્યારે શું થાય ? ડાઈવોર્સ હઉ લઈ લે ને ? મતભેદ તો રહ્યા (પડ્યા) વગર હોય (રહે) જ નહીં ને ! માટે બાંધછોડ કરવી પડે. બાંધછોડ ના કરે તો તૂટી જાય, છૂટા થવું પડે. અત્યારે તો ઠેઠ મતભેદ સુધી પહોંચી ગયું છે. એ બધું સારું નહીં, બહાર શોભે નહીં. આનો કંઈ અર્થ નહીં. પણ હજુ સુધારી શકાય છે. આ શા માટે આવું હોવું જોઈએ ? આ બધામાં સુપરફ્લુઅસ (ઉપલક) રહેવાનું છે, ત્યારે આ તો વહુના ધણી થઈ બેઠા ! મૂઆ, ધણીપણું શું કરવા બજાવે તે ? આ તો અહીં જીવ્યો ત્યાં સુધી ધણી અને એ કાલે ડાઈવોર્સ ના લે ત્યાં સુધી ધણી! કાલે ડાઈવોર્સ લે, તો તું શાનો ધણી ?

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.